R.N.I. No. 14593/1957

# પગદંડી
PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.67 ISSUE NO. 01 - APRIL 2024 - 60 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322209742

પગદંડી

એપ્રિલ ૨૦૨૪

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| બંક ધ જંક........................................ | સંજય ચંદન વિસનજી............ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ...................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન.......... | ૧૧ |
| પગ મેં ભમરી.......................................... 'સેલોર - વાવ' | લીલાધર માણેક ગડા ................. | ૧૫ |
| મૂડને સુધારી દે એવી કવિતા......................... | ડૉ. ગુલાબ દેઢિયા ..................... | ૨૨ |
| મુંબઈને ગામડામાંથી શહેર બનાવનાર કચ્છીમાડુ ''તેજુકાયા'' | વસંત મારુ .............................. | ૨૫ |
| ''પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ : સફળ લગ્નજીવનની વૅક્સિન'' | ડૉ. શિરીષ ચુનીલાલ માલદે.......... | ૨૯ |
| ભગવાન બુદ્ધ પરીપથ ............................... ૧૭. લુંબિની : ગૌતમથી બુદ્ધ તરફની યાત્રા | જ્યોતિ જેવત મોતા................... | ૩૩ |
| સાહિત્ય અમૃત .......................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૪૧ |
| પ્રતિભાવ - પ્રતિસાદ ................................ | | |
| પગદંડી - માર્ચ મહિના અંકનો તંત્રીલેખ | જયંતી વી. ગોગરી..................... | ૪૬ |
| પગદંડી અંક માર્ચ, ૨૦૨૪ | જયંત ગણશી જાગાણી................ | ૪૬ |
| ''ઈટ્સ ઓ.કે.'' | ગુલાબ દેઢિયા........................... | ૪૭ |
| પગદંડી માર્ચ ૨૦૨૪ - અંક | સિમ્પલ નિકેન સાવલા .............. | ૪૭ |
| ઉર્મિલહર................................................... | સંપાદન : વિશન નાગડા............. | ૪૮ |
| સેવા સમાજ અપડેટ - જાન્યુઆરી - ૧૬માર્ચ ૨૦૨૪ | .............................................. | ૫૨ |
| સાંત્વન.................................................... | ............................................. | ૫૬ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી.......................... | કિરણ વિસરિયા........................ | ૧૪ |


**પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**



Unforgettable Events
"Indulge in Exquisite Flavors with Gala Caterers"
Unparalleled Catering
FOLLOW US FOR
MORE UPDATES
"Indulge in Exquisite Flavors with
Gala Caterers"
"Crafting Culinary Dreams at Gala Caterers"
Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
"Experience the Art of Fine Dining
with Gala Caterers"
GALA CATERERS
: CONTACT US :
www.galacaterers.in
GALA CATERERS
www.galacaterers.in

# તંત્રીસ્થાનેથી



## બંક ધ જંક

૧ માર્ચના દિવસે લેન્સેટ નામની અગ્રણી મેડિકલ જર્નલમાં સ્થૂળતા (Obesity) ઉપર એક રિપોર્ટ આવ્યો અને એનાં તારણો ચોંકાવી દેવાં હતાં.

૧. ૨૦૨૨નાં તારણો અનુસાર વિશ્વ સ્તરે દર આઠ વ્યક્તિએ એક વ્યક્તિ સ્થૂળકાય છે, જેની સરખામણીએ એક અંદાજ પ્રમાણે ભારતમાં આ આંકડો વધુ ભયજનક છે.

૨. વિશ્વ સ્તરે ૧૯૯૦ થી ૨૦૨૨ સુધીમાં સ્થૂળતા બમણી થઈ છે, પણ યુવા વર્ગમાં એ ચાર ગણી વધી છે. એમાં પણ બાળકોમાં એનું પ્રમાણ ચિંતાજનક છે.

૩. ભારતભરમાં પુરુષોની સરખામણીએ મહિલાઓમાં સ્થૂળતાનું પ્રમાણ વધારે છે.

૪. એક સમય હતો જ્યારે ભારતનું નામ કુપોષણ માટે વગોવાતું હતું અને બદલતા સમય સાથે એ જ ભારત હવે સ્થૂળતા માટે વગોવાઈ રહ્યું છે

૫. સ્થૂળતાની વિશ્વ સ્તરે વ્યાખ્યા એટલે વજન/ઊંચાઈ (Kg)/(Mtr.) અને જો આંકડો ૨૫ની ઉપર છે તો તમે ઓવરવેઇટ છો અને જો આ આંકડો ૩૦ની ઉપર હોય તો તમે સ્થૂળકાય છો.

વધુ વિજ્ઞાન કે આંકડાઓની માયાજાળમાં ન પડતાં આપણે સીધા મૂળ વિષય, આ સ્થૂળતાનાં પરિણામો, એનાં કારણો અને એનાથી બચવાના ઉપાયો વિષે વાત કરીએ.

**પરિણામો**

૧. સ્થૂળતા સાથે હૃદયને લગતી, ડાયાબિટીસ, હાડકાંની તેમ જ પ્રજનન ક્ષમતાની સમસ્યાઓનું પ્રમાણ વધી જાય છે.

૨. ફેટી લીવર, હાઈ કૉલેસ્ટ્રોલ, હાઈ બ્લડ પ્રેસર, સ્ટ્રોક, કૅન્સર, અસ્થમા, ઓસ્ટીઓથરાયટીસ અને અન્ય કેટલીય બીમારીઓના મૂળમાં આ સ્થૂળતા ક્યાંક ને ક્યાંક કારણભૂત રહે છે.

૩. સ્થૂળતાને કારણે વ્યક્તિ શારીરિક બીમારીઓની સાથેસાથે માનસિક બીમારીઓને પણ નોતરું આપે છે. વળી સ્થૂળતા સાથે અનિદ્રા, તણાવ વગેરે બીમારીઓ પણ બોનસમાં આવે છે

૪. આપણે પત્રિકામાં આજ-કાલ જે નાની ઉંમરે હૃદયની કે લીવરની બીમારીઓ અને મરણ વિષે સાંભળી અને વાંચી રહ્યા છીએ, એ બધું મોટા ભાગે આ સ્થૂળતાને જ કારણે છે.

**કારણો**

૧ આપણે સૌ જાણીએ છીએ તેમ આ સ્થૂળતા વધવાનું મૂળ કારણ આપણી બદલાતી રહેલી જીવનશૈલી. સમય સાથેસાથે આપણા ભોજનમાં, ચા, નાસ્તામાં નકામી સાકર, કૅલેરી, મીઠા (સબરસ)નું પ્રમાણ વધતું ગયું છે અને સામે છેડે શાકભાજી, ફળ કાર્બોહાયડ્રેટ્સ, વગેરેનું પ્રમાણ ઘટતું ગયું છે. વળી સમય સાથે સાધનો અને સગવડો વધતાં ગયા છે અને એને કારણે શારીરિક પરિશ્રમ નહિવત જેટલો થઈ ગયો છે. એક તરફ આહારમાં વધતી કૅલેરી અને બીજી તરફ ઘટતી શારીરિક પ્રવૃત્તિ અને પરિણામ સ્વરૂપ આ સ્થૂળતા.

૨. દરેક પ્રકારના મીડિયામાં આ ફાસ્ટ ફૂડની વધતી જતી જાહેરાતો અને એને કારણે આપણા સૌનો અને ખાસ કરીને યુવા વર્ગનો આ જંક તરફ વધતો ક્રેઝ.

૩. ફાસ્ટ ફૂડ જોઈન્ટ્સનો વધતો જતો વ્યાપ અને એમાં પણ ખાસ કરીને સ્કૂલ અને કૉલૅજેની આસપાસ આવા ફૂડ જોઇન્ટ્સનો વધતો જતો મારો. (અરે ઘણી મોટી સ્કૂલમાં તો CCD અને સ્ટારબકસ કૅન્ટીન ચલાવતા હોય છે, ત્યાં આપણે બાળકોનો શો વાંક ગણી શકીએ).

૪. બહુ ધીમેથી પચતા આ ફાસ્ટ ફૂડને બહુ ઝડપથી પહોંચાડતા એપ્સ. (ભાગ્યે જ એવું કોઈ ઘર હશે જેને  ત્યાં અઠવાડિયામાં એક કે બે વાર આ ફૂડ ડિલિવરી બૉય ડોરબેલ ના વગાડતો હોય).

૫. સતત બેઠાડું જીવન, ઓટીટી, વગેરેને કારણે વધતો જતો સ્કીન ટાઈમ અને એ ટીવી સિરિયલ્સ કે વેબ સીરિઝ જોતાંજોતાં ઊપડતા જીભના ચટાકા. વળી આ બધાને કારણે સૂવાના અને ઊઠવાના સમયપત્રકમાં થયેલા ધરખમ ફેરફારો, જે છેવટે ચરબી બનીને કમરની આસપાસ જ પોતાનું સામ્રાજ્ય ફેલાવતા રહે છે.

૬. અને વળી એક દિવસ રસોડાને આરામ આપવાનો દર અઠવાડિયે ઊજવાતો નવા જમાનાનો તહેવાર, (એક દિવસ ગૃહમાતા કે ગૃહલક્ષ્મીને આરામ જોઈએ એ વાતમાં કોઈ બેમત નથી) પણ વાંધો એ આરામના બહાને, જે સ્ટ્રીટ સાઈડ જંક ફૂડ પેટમાં ઠલવાય છે એની સામે છે.

(વધુ આંકડાઓ અને વિજ્ઞાન કે રિસર્ચ ટાંકીને આપણે આ તંત્રીલેખને બહુ ભારેખમ નથી બનાવવો એટલે ચાલો હવે વાત કરીએ આ સ્થૂળતાને આપણા પરિવારમાંથી, આપણા સમાજમાંથી અને દેશમાંથી દેશવટો આપવા માટેના ઉપાયોની)

**ઉપાય**

**૧.** સરળ ભાષામાં કહીએ તો આ બધું જ લાઈફ સ્ટાઈલ ડિસીઝમાં આવી જાય છે અને એટલે આ બધા સામે લડવા સૌથી પ્રથમ જે બદલાવ લાવવાનો છે એ આપણી લાઈફ સ્ટાઈલ, આપણી જીવનશૈલીમાં, (એક સર્વે પ્રમાણે યુવા વર્ગ આ જંક ફૂડને કારણે ત્રણ કારણથી આકર્ષાય છે. ૧. જાહેરાતો, ૨. બહુ સરળતાથી મળી જતાં જંક ફૂડ અને એના આઉટલેટ અને ૩. ઘરમાં ચાલતી જંક ફૂડ અંગેની ખોટી આદતો.)

**૨. તો સૌ પ્રથમ ઘરમાં ''બંક ધ જંક''**

આપણા ઘરના નાસ્તાના ડબ્બામાં, ફ્રિજમાં, સ્કૂલે જતાં બાળકના ટિફિનમાંથી બિસ્કિટ, ચૉકલેટ, પૅકેજ્ડ ફૂડ્સ, નાસ્તા/વેફરના રેડિમેડ પૅકેટ્સની બાદબાકી કરો. (એકવાર ટ્રાય કરી જુઓ. જો ઘરમાં રાખશો જ નહીં તો ટીવી ચાલુ કરીને કોઈ કિચનમાં આવી વેફરના પૅકેટના ખાંખાંખોળા કરી છેવટે ખાખરાનું પૅકેટ ઉપાડશે.)

**૩. આપણે જાતે પણ ''બંક ધ જંક''**

જો આપણે પોતે હાથમાં અનહેલ્થી ફાસ્ટ ફૂડ રાખી બાળકો / યુવા વર્ગને શિખામણ આપીશું કે તમારે સ્વસ્થ ખાવાનું છે, તો નહીં ચાલે. (એક સોનેરી વાક્ય વાંચી, સમજી અને પચાવી લેજો કે, ''બાળકો/યુવાનો સાંભળતાં નથી, અનુસરે છે'') જો આપણે ફળ, શાકભાજી, જ્યૂસ, વગેરે વાપરીશું તો આ યુવા વર્ગ પણ ધીરેધીરે અનુસરશે. (ધીરેધીરે જ, કારણકે ઘરની બહાર સ્કૂલ, કૉલેજ, ઑફિસમાં ફરી એમની સામે આવું અનહેલ્થી જ સામે આવશે. અને જ્યારે આપણી આસપાસ બધાના હાથમાં આ જંક ફૂડની મેનકા હોય તો આપણા ડાયેટ કંટ્રોલનો વિશ્વામિત્ર બિચારો કેટલી વાર ધૈર્ય રાખી શકે.)

**૪. આપણી ઉજવણીમાં પણ ''બંક ધ જંક''**

આપણા ઘરે કોઈને જન્મદિવસ, લગ્નદિવસ, કે સગાઈ, લગ્ન વગેરેની પાર્ટી માટે

બોલાવીએ તો ધ્યાન રાખીએ કે આપણા એક દિવસના ભોજનમાં એના અઠવાડિયાના ડાયેટ કંટ્રોલની પથારી ના ફરી જાય. વળી કોઈ થોડું ડાયેટને લઈને ખાવામાં સંકોચ રાખે તો

''અરે, એક દિવસથી શું થઈ જશે''

''અરે, આજે ખાઈ લે, કાલથી ધ્યાન રાખજે''

કહીકહીને એના ડાયેટને બગાડીએ નહીં. એને બદલે એ વ્યક્તિની સામે એ વસ્તુ આપણે પણ ના લઈએ કે જેનાથી એનું મન લલચાય.

**૫. દરેક સારા પ્રસંગે ''બંક ધ જંક''**

અને શક્ય હોય તો આપણા સારા પ્રસંગોમાં આ બધા જંકને તિલાંજલિ જ આપીએ તો કેવું. (હવે સમજાયું ને કે આ વિષય પર તંત્રીલેખ શા માટે?) ગયા મહિને પણ આ જ વાત કર હતી, કે જો સમસ્યા સામાજિક હોય તો એનો ઉકેલ પણ સામાજિક સ્તરે જ લાવવો પડશે.

**૬. ઘરે આવતા મહેમાનો માટે ''બંક ધ જંક''**

આપણે સૌ નિયમ લઈએ કે આપણા ઘરે આવતા મહેમાનોને માટે આજથી ''બંક ધ જંક''. આપણા ઘરે આવતા આપણા માનવતા મહેમાનોને આ ધીમું હળાહળ શા માટે?

**૭. કોઈના ઘરે મહેમાન બનીને જઈએ ત્યારે ''બંક ધ જંક''**

એક નિયમ એ પણ લઈએ કે જ્યારે પણ કોઈના ઘરે મહેમાન બનીને જઈએ તો એમના માટે કે એમનાં બાળકો માટે ના ચૉકલેટ, ના વેફર કે બિસ્કિટના પૅકેટ, ના કેક કે પેસ્ટ્રી કે આઇસક્રીમ કે ઠંડાં પીણાં. જો સાચા હિતાર્થી હોવ તો એમના માટે માત્ર ને માત્ર ફળ કે ડ્રાયફ્રૂટ કે જ્યૂસ વગેરે જ લઈ જાવ. (આપણે ઈચ્છીએ કે એવો સમય આવે કે કોઈના ઘરે જો આવું જંક લઈ જઈએ તો એમનું મોઢું બગડવું જોઈએ, કે લો આ તો આપણા હિતશત્રુ નીકળ્યા.)

**૮. સરકાર દ્વારા જ ''બંક ધ જંક''**

સમગ્ર ભારતવર્ષમાં સ્થૂળતા એ રીતે વધી રહી છે. સ્થૂળકાય લોકોની સંખ્યામાં આપણે અત્યારે અમેરિકા અને ચીન પછી ત્રીજા નંબરે છીએ. એટલે શક્ય છે કે આ સરકાર પોતે જ એવો કાયદો પણ લઈ આવે કે હોટેલ, રેસ્ટોરેન્ટ કે અન્ય સમારંભોમાં પણ દરેક ડિશની સામે એની કૅલરી ની વિગત મુકાવા લાગશે. (જે રીતે એસેલ વર્લ્ડ વગેરેમાં કેટલીક રાઈડમાં હૃદયરોગ કે કમરના દર્દીઓ માટે વૉર્નિંગ લખેલી હોય એમ મારા-

તમારા માટે પણ એવી વાનગીની બાજુમાં ચેતવણી હોય કે જો તમે સ્થૂળકાય છો તો આ ડિશ તમારા માટે વર્જ્ય છે)

**૯) છેલ્લે ''બંક ધ જંક'' માટે બીજા કેટલાક ઉપાયો**

- નિશ્ચિત સમયે પૌષ્ટિક આહાર લેતા રહો જેથી જંક ફૂડ તરફ લલચાવાનું ઓછું થાય.
- ઠંડાં સાકરયુક્ત પીણાંને બદલે પાણી વધારે પીવો. સ્થૂળકાય થવામાં એક મોટો ભાગ આ પ્રવાહી કૅલરીનો પણ હોય છે.
- ફ્રિજ કે નાસ્તાના કબાટ પર ''બંક ધ જંક''નું મોટું લેબલ રાખો.અથવા કોઈ મેદસ્વી વ્યક્તિનું કાર્ટૂનનું સ્ટીકર વગેરે રાખો. જે તમે જ્યારે પણ ફ્રિજ વગેરે ખોલો ત્યારે તમને એક રમૂજભરી ચેતવણી પણ આપી શકે.
- તમને ગમતા નાસ્તામાંના સાકર, મીઠા કે ચરબીના પ્રમાણને જાણો અને એમને બદલ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક નાસ્તાને સ્થાન આપો.
- તમને માનસિક તણાવ આપતાં કારણોને ઓળખો. ઘણા રિસર્ચ અનુસાર જંક ફૂડ તરફના ખેંચાણનું એક કારણ આ ચિંતા, તણાવ વગેરે પણ હોય છે. જ્યારે પણ એવી પરિસ્થિતિમાં હોવ ત્યારે મૉર્નિંગ / ઇવનિંગ વૉક પર નીકળી જાવ કે મિત્રને ફોન કરો કે કોઈ સારું પુસ્તક હાથમાં લઈ લો કે થોડું મેડિટેશન વગેરે કરી જુઓ.
- પુરતી ઊંઘ કરો. ઘણા રિસર્ચના તારણો કહે છે કે અપૂરતી ઊંઘ કરનાર વ્યક્તિને વધુ કૅલેરી કે વધુ સાકરવાળા જંક ફૂડની વધારે તલપ રહે છે.
- તમારા મહિનાના ખરીદીપત્રકમાં પૌષ્ટિક વસ્તુઓને વધુ મહત્ત્વ આપો. શક્ય હોય તો સુપર સ્ટોર કે મૉલના એ સેક્શનમાં જવાનું ટાળો જ્યાં જંક ફૂડનો વધુ પડતો ડિસ્પ્લે હોય.
- જો આટલા બધા ઉપાય પણ કામ ના આવે તો આપણા ધર્મ પ્રમાણે બાધા લઈને પોતાની આ તૃષ્ણાને બાંધી લો કે મહિનાના આટલા દિવસ જ જંક ફૂડ ખાઈશ.

તો વાચક મિત્રો, ચાલો આજથી જ ''બંક ધ જંક''નું સૂત્ર સ્વીકારી આપણે સૌ એક ખિસકોલી જેવી રમતિયાળ સ્વસ્થતા અને ચપળતા માટે પ્રયત્ન શરૂ કરી દઈએ.

અસ્તુ

સંજય ચંદન વિસનજી

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે



✲ ડૉ. ચંદ્રકાંત નાનજી

## વિચારકણિકા

આપણી વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવાન આદીનાથ માનવસંસ્કૃતિના જનક ગણવામાં આવે છે. આદિમાનવમાંથી આજના સુંસ્કૃત માનવીના ઘડતર માટે એમણે ૬૪ કળાઓનો વિકાસ કરી માનવજાત ઉપર અસીમ ઉપકાર કર્યો એવું જૈન ઈતિહાસમાંથી જાણવા મળે છે. આ ૬૪ કળાઓમાંથી એક કળા માટીમાંથી વાસણો અને અન્ય ગૃહ-ઉપયોગી વસ્તુઓનું નિર્માણકાર્ય પણ હતું એ કુંભારકામ આમજગતમાં પ્રચલિત છે. કાચી માટીમાંથી વાસણો બનાવવા ચાકડાનો વપરાશ થાય છે અને એ કાચાં વાસણોને નિભાડામાં પકાવવા પડે છે અને એ ક્રિયા પણ અગત્યની હોય છે અને છેવટે એ કાચી માટીનું પાત્ર વપરાશ યોગ્ય બને છે. આવી જ એક પ્રક્રિયા આજથી ૧૦૦ વરસ પહેલા પૂ. મુનિ શ્રી ચારિત્ર્યવિજયજી અને પૂ. મુનિ કલ્યાણચંદજીએ શરૂ કરેલ અને એ પ્રક્રિયા હતી કાચાં કુમળાં જૈન બાળકોને ભણતર-ગણતર-ચણતર અને ઘડતર દ્વારા સુંસ્કૃત નાગરિકનું સર્જન કરવું. વિ. સં. ૧૯૭૯, જેઠ સુદ પાંચમ (ઈ.સ.૧૯૨૨-૨૩)ના સપરમા દિવસે મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમની સ્થાપના કરવામાં આવી. આજથી ૧૦૦ વર્ષ પહેલાં આ બન્ને વંદનીય મુનિશ્રીની ભૌગલિક દિશાઓ જુદો હતી. જૈન સંપ્રદાયો પણ અલગ હતા પણ લક્ષ્ય એક જ હતું. ત્યારે આ બંને યુગપુરુષોએ ત્યારની પરિસ્થિતિમાં જૈન સમાજમાં નવી પેઢીનું ઘડતર કરવા ક્રાંતિકારી પગલાં દ્વારા શિક્ષણનું મહત્ત્વ સમજી આ છાત્રાલયની શરૂઆત કરી. જૈન બાળકોના શિક્ષણના પાયાને મજબૂત કરવાનું કાર્ય જૈન મુનિઓ દ્વારા થાય એ અકલ્પનીય હતું.

પોતે અંકુરિત કરેલ છોડની યોગ્ય માવજત માટે પોતાની બાકી જિંદગી આ કાર્ય માટે ખર્ચીને એક અજાણી ભોમને સંસ્કાર ભૂમિમાં ફેરવવાનું એક પડકારજનક કાર્ય બેખુબી નિભાવ્યું. આપણા સૌના હોઠે પ્રચલિત એવી આ સોનગઢ બોર્ડિંગની પુનિત ધરતીમાં કેટકેટલાય મહાપુરુષો, મહાત્માઓ, સંતો અને શિક્ષણ ભેખધારીઓથી પાવન થયેલ છે.

૧૦૦ વર્ષની આ યાત્રામાં બંને મુનિવરો ઉપરાંત પૂ. મુનિરાજ ગુલાબચંદજી બાપા અને મુનિરાજ ઉત્તમચંદજી બાપાનો અમૂલ્ય ફાળો રહેલ છે. કચ્છી સાહિત્યના ભીષ્મ પિતામહ

જેવા કવિ દુલેરાય કારાણી (૨૫ વર્ષ સુધી), ખીમજીભાઈ ગુરુજી (૪૦ વર્ષ સુધી), કરણસિંહજી ગુરુજી (૨૫ વર્ષ સુધી), ભોથાભાઈ ગુરુ (૧૨ વર્ષ સુધી) એ પોતાની જિંદગીના મહામૂલ્ય વર્ષો અહીં વિતાવી વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન કરેલ છે. આવા મહાનુભાવોના હાથ નીચે ઘડતર પામેલ સેંકડો વિદ્યાર્થીઓ આજે આપણા સમાજમાં માનપૂર્વક સ્થાન નિભાવી રહેલ છે.

શરૂઆતનાં વર્ષોમાં એટલે ઇ.સ. ૧૯૯૬ સુધી આ રત્નાશ્રમ ફક્ત બાળકો માટે છાત્રાલય હતું. ઈ.સ. ૧૯૯૭ થી ૩ નાના ઓરડામાંથી શરૂ થયેલ શાળાકીય પ્રવૃત્તિ આજે વટવૃક્ષ બની ગયેલ છે. ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષાકીય માધ્યમોથી ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ અહીં ઉપલબ્ધ છે. ૧૯૯૭થી શરૂ થયેલ આ નવસર્જનની પ્રક્રિયામાં આપણા સમાજના દાનવીરો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સિંહફાળો છે. ૫૦૦ વિદ્યાર્થીઓ સુગમતાથી રહી શકે એવું અદ્યતન છાત્રાલય, વિશાળ ભોજનશાળા અને સંપૂર્ણ સાધનોથી સુસજ્જ વિદ્યાસંકુલનું નવસર્જન ખરેખર પડકારજનક હતું, પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને રત્નાશ્રમના સંચાલકોએ ધગશ સાથે કરેલ મહેનત ખરેખર વંદનીય બની જાય એવું નવસર્જન આજે આપણી સામે છે અને એ જ બતાવે છે કે રત્નાશ્રમમાં રહી આવેલ દરેક બાળક ભણતર-ગણતર-ચણતર અને ઘડતરથી એક સમજદાર નાગરિક બનીને સમાજમાં આવે છે.

તાજેતરમાં સોનગઢ રત્નાશ્રમના શતાબ્દી મહોત્સવ પ્રસંગે આ પ્રવિત્ર ભૂમિ ઉપર જવાનું થયેલ. ત્યાં શાળાના મુખ્ય શિક્ષક શ્રી હિરેનભાઈ ભટ્ટ સાથે વિદ્યામંદિર સંકુલનું બારીકાઈથી નિરીક્ષણ કરવાનો મોકો પ્રાપ્ત થયેલ. આ વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપરાંત કળા-કૌશલ્યના વિકાસ માટેની જરૂરી એવી સર્વે સામગ્રી ઉપલબ્ધ છે. શાળાના વિવિધ વિષયોના અભ્યાસ માટે જરૂરી એવી પ્રયોગશાળાઓ સુસજ્જ છે. ચિત્રકળા અને સંગીત જેવા વિષયોની પ્રયોગશાળાઓ અંચબામાં પાડી દે છે.

બાળકોના સંર્વાગી વિકાસ માટે જરૂરી વ્યાયામશાળા - સંગીતશાળા અને રમતગમતને લગતા બધા જ વિષયોને અભ્યાસક્રમમાં આવરવામાં આવેલ છે. જૈન ધર્મનું શિક્ષણ પણ સારા જૈન શ્રાવક બનાવવા માટે અહીં આપવામાં આવે છે. જરૂરી નથી દરેક બાળક ભણવામાં હોશિયાર હોય એવાં બાળકોને બારીકાઈથી નિરીક્ષણ પછી એમના મનગમતા અને હુન્નર અને કળાઓ પણ શીખવવામા આવે છે. દરેક ક્લાસ રૂમ E-Boardથી સુસજ્જ છે. આમ એક સંપૂર્ણ સુસજ્જ વિદ્યાસંકુલ અને છાત્રાલયના નિર્માણ માટે રત્નાશ્રમના સંચાલકો- ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જેટલાં અભિનંદ આપીએ એટલાં ઓછાં પડે એમ છે.

શરૂઆતનાં વર્ષોમાં જેમને સ્થાનિકે પોતાના બાળકોને યોગ્ય શિક્ષણ આપવું શક્ય ન હતું એવાં બાળકો અહીં આવતા પણ તાજેતરનાં વર્ષોમાં અપાતી શિક્ષણ સુવિધાઓ અને અદ્યતન છાત્રાલયની સગવડોથી જૈન સમાજનાં સાધનસંપન્ન કુટુંબોમાંથી બાળકો આજે આવતાં થઈ ગયેલ છે અને ભવિષ્યમાં કદાચ આ Trend વધતો જશે.

રત્નાશ્રમના સંચાલકો, વહીવટી મંડળ અને માર્ગદર્શક ટ્રસ્ટીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંયુક્ત નિગરાની હેઠળ વિકાસની હરણફાળ ભરતું રત્નાશ્રમ માટે સમાજના શ્રેષ્ઠીઓએ જે છૂટા હાથે આપેલ દાનની પણ નોંધ લેવી ઘટે.

સમાજનું આભૂષણ ગણી શકાય એવા રત્નાશ્રમ આવતા ભવિષ્યમાં આવી સુંદર પ્રગતિ કરતો રહે અને પૂ. મુનિ ચારિત્ર્યવિજયજી અને મુનિ કલ્યાણચંદજી મહારાજને ફરી એકવાર વંદના સહ.

અસ્તુ

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**

---


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# INCREDIBLE INDIA
## રૉક ફોરમેરન્સ ઑફ ઢંકર (સ્પિતી વેલી) એક અજાયબી



પગદંડીના આ અંકના મુખપૃષ્ઠ પર શોભતી આ અદ્‌ભુત રૉક ફોરમેશન જોઈને એ કલ્પના કરવી મુશ્કેલ છે કે આ ક્યાંની તસવીર છે. ઘણાને એમ પણ લાગે કે આ અમેરિકામાં આવેલ ખૂબ પ્રખ્યાત એવા 'Bryce Canion' કે 'Grand Canyon'નો ફોટો છે જ્યાં માણસો લાખો રૂપિયા ખર્ચીને એ ખાસ જોવા માટે જાય છે. તો તમને જણાવી દઉં કે આ ફોટા અમૂલ્ય ભારતમાં આવેલ હિમાચલ પ્રદેશની સ્પિતી વેલીમાં sea લેવલથી ૩૮૯૪ (૧૨૭૭ ft.)ની ઊંચાઈએ આવેલ ઢંકર વિલેજની છે. ઢંકરમાં આવેલ આ બૌદ્ધ મોનેસ્ટ્રી એક હજાર વર્ષથી પણ જૂની છે જ્યાં બૌદ્ધ ભિક્ષુકો (લામાઓ)ને શિક્ષા આપવામાં આવે છે. ઢંકર મોનેસ્ટ્રીની રચના આવી ઊંચી કરાર કોતરોની વચ્ચે કેવી રીતે કરવામાં આવી હશે એ પણ એક અજાયબી છે. દીવાલો પર હજારો વર્ષ જૂના પેઇન્ટિંગ્સ, મેડિટેશન માટે ઓરડાઓ, છ-સાત મહિના સુધી બરફ વચ્ચે પણ તમને હૂંફ મળી રહે એવું Architecture & મોનેસ્ટ્રી પરથી દૃષ્યમાન થતું સ્પિતી અને પીન નદીનું અદ્‌ભુત મિલન અને વિશાળ લેન્ડસ્કેપ ખરેખર સ્વર્ગની અનુભૂતિ કરાવે છે.

ઢંકર વિલેજને પહેલા સ્પિતીનું કૅપિટલ (રાજધાની) કહેવાતું, પણ સમય જતાં હવે કાઝા વિલેજ કૅપિટલ તરીકે ઓળખાય છે. તાબો વિલેજ અને કાઝા વિલેજ વચ્ચે સ્થિત ઢંકર વિલેજમાં એક ખૂબ જ સુંદર 'ઢંકર લેક' આવેલું છે જ્યાં તમે 3kmનો ટ્રેક કરીને જઈ શકો છો. સ્પિતી જેવા ઠંડા રણપ્રદેશમાં જ્યાં માંડ આખા વર્ષ દરમિયાન એક-બે ઇંચ વરસાદ પડતો હોય ત્યાં આવા સુંદર નીલા તળાવમાં પાણી ક્યાંથી આવતું હશે એવો પ્રશ્ન જરૂર થાય. તો એનું કારણ એ છે સતત ૬ મહિના બરફથી ઢંકાયેલા સ્પિતીમાં ગ્લેસિયરનું બરફ ઓગળીને રણમાં પણ આ લેકને પાણીથી છલોછલ રાખે છે. છેલ્લાં થોડાં વર્ષોથી સ્પિતીનું આકર્ષણ વધ્યું છે. ત્યારે તાબો વિલેજથી કાઝા વિલેજની સફર દરમિયાન વચ્ચે આવતા આ અદ્‌ભુત લૅન્ડસ્કેપના ફોટા કાઢવાની ઈચ્છા દરેક ટૂરિસ્ટને થાય એ સ્વાભાવિક છે. માત્ર ૩૦૦ જણાની વસ્તી ધરાવતા ઢંકર વિલેજમાં તમને એકાદ રાત્રિ રોકાણ માટે ત્યાં હોમ-સ્ટે કે નાનકડી બેઝિક સગવડ ધરાવતી રૂમ કે હોટલ મળી જાય છે. ત્યાં રહીને ફોટોગ્રાફી અને પ્રકૃતિને Explore કરવાનો આનંદ છે એનું શબ્દોમાં વર્ણન કરવું ખરેખર મુશ્કેલ છે.

વિવિધ આકારના અને શૅડ્સ ધરાવતા સુંદર પહાડો અને રોક ફૉરમેશન સાથે ખડખડ વહેતી સ્પિતી નદી નિહાળવી એ જીવનનું એક સંભારણું બની જાય છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

*ફોટો અને માહિતી :*
*કિરણ વિસરિયા (કોટડા રોહા)*
*મો.: ૯૩૨૨૨ ૩૪૮૪૭*

## પગ મેં ભ્રમરી



લીલાધર માણેક ગડા-અધા

# 'સેલોર - વાવ'

જેનું બાળપણ કચ્છમાં વીત્યું હશે તેઓએ તરા, તરાઈ, વીઅરી, વાય, નાય, ધ્રો, સેલોર જેવાં સ્થાનિક જળસંગ્રહાલયો વિસારે નહીં પાડ્યાં હોય. તરા, તરાઈ, નાય, ધ્રો વગરેનાં પાણી સુકાઈ જાય, વીઅરીની આવ અટકી જાય, વાયનાં પાણી ઊંડા ઊતરી જાય ત્યારે સેલોર સાબૂત હોય છે. બો ગામોની વચ્ચે વટેમાર્ગુઓ - વાટાડુઓની તરસ (ઓન) છિપવનાર સેલોર-વાવના પાણી પીને પગથિયાં ચડી ઉપર આવો ત્યારે ફરી પાછી તરસ લાગે એટલે સેલોરનાં પાણી ધબૂડી ભરી ઉપર આવી ફરી પાણી પીઓ અને બેઉ પાણીમાં ફરક ભાસે. આ ફરક તળિયા અને ઉપરનું દર્શન છે. કચ્છમાં દાર્શનિક કવિ ''તેજ'' માનવ અને સેલોરની સરખામણી કરે છે.

''શરીર સેલોર સરખા,
 સરખી બીં મે <u>સોન</u> (શુનકાર)
જો'કો અંધર ઈતરી
 વેઠા ઓની મીટાયાં <u>ઓન</u>'' (તરસ)

ગુજરાતમાં જેને વાવ - STEPWELL- પગથિયાવાળો કૂવો કહે છે, તેને માટે કચ્છી શબ્દ છે ''સેલોર''. પાટણની રાણીની વાવ કે અડાલજની રૂડીબાઈની વાવ જેટલી કચ્છની સેલોર-વાવને પ્રસિધ્ધિ નથી મળી, પરંતુ ગુજરાત, ભારત નહીં, પણ વિશ્વની સૌથી જૂની સેલોર - પગથિયા વાવ ૨૦૧૪માં કચ્છમાં ધોળાવીરામાં મળી છે, જે પાંચ હજારથી વધારે વર્ષ જૂની સંભવી શકે. તાજેતરના ઈતિહાસ એટલે કે છેલ્લાં ત્રણસો વર્ષમાં કચ્છ ક્રમશઃ રણ પ્રદેશ, સૂકા પ્રદેશમાં પરિવર્તન પામ્યું છે. રણ-સૂકા પ્રદેશ કચ્છમાં સેલોરની મહત્તા અને મહત્ત્વ કંઈક ઑર છે. રાજ્યમાર્ગો, ગાડાવાટો, પગદંડીઓ, ધાર્મિક સ્થળો, આશ્રમો કે ક્યાંક તળાવોમાં સેલોરો બંધાઈ છે. આ સેલોરોનું જળ વટે માર્ગુઓ, રાહદારીઓ, વેપારી પોઠો, માલધારીઓ, વણજારાઓ અને પશુ-પક્ષીઓ માટે આશીર્વાદરૂપ હતી. છેલ્લી અડધી સદીમાં પેય જળની ઉપલબ્ધિ માટે અન્ય સ્રોતો પ્રાપ્ત થતાં સેલોરોનો ઉપયોગ બંધ થયો પરિણામે એની જાળવણી બંધ થઈ અને ધીરેધીરે અવાવરું બની ગઈ. તળિયે લીલ બાઝી ગઈ, સેલોરની ભીંત ફાડીને પીપળો અને અન્ય ઝાડવાઓ ઊભા થયા, પડી ગયેલી છીપરોની

ખાલી જગ્યામાં પક્ષીઓએ માળા બાંધ્યા અને એક ભવ્ય વિરાસત ધીરેધીરે ભુલાતી ગઈ. એના નિર્માણ પાછળનો ઈતિહાસ, એના દાનવીરો, એનો ઉપયોગ અને એનું સ્થાપત્ય વિસ્મૃતિના અંધકારમાં ગર્ત થઈ જાય એ પહેલાં એનું દસ્તાવેજીકરણ કરવાનું શ્રેષ્ઠ કામ શ્રી સંજય પી. ઠાકરે કર્યું છે. અતીતમાં ઓગળી જતાં આ અનોખાં જળમંદિરો જોઈ મનમાં ખિન્નતા અનુભવી, પરંતુ એનો ખાંખોરી સનો ૨૦૨૦માં કચ્છમિત્રની બુધવારની પરાગપૂર્તિમાં સેલોર માટે લેખમાળા શરૂ કરી જે ૧૩૧ હપ્તા પૂરા કરી, ૧૫૦ જેટલી હયાત સેલોર-વાવ વિષેની માહિતી સ્થાપત્યના ફોટા સાથે લખી. અનેકાનેક સેલોરો ભગ્ન અવસ્થામાં પોતાના ભવ્ય ભૂતકાળનું સ્મરણ કરતી ઊભી છે, કેટલી બૂરાઈ ગઈ છે અને થોડી સેલોરમાં પાણી હજી પગથારે છે. ૧૫૦ સેલોરો એના ફોટા, ઈતિહાસ, સ્થાપત્ય અને અનુદાતા, શાહ-સોદાગરો વિષેની માહિતી સાથે ગ્રંથસ્થ થઈ છે. ૩૩૪ પાનાંના આ ગ્રંથને સુરતના કલાતીર્થ ટ્રસ્ટે એના સર્વેસર્વા રમણીકભાઈ ઝાપડિયાના માર્ગદર્શન હેઠળ પ્રસિદ્ધ કર્યો છે. આ અણમોલ ગ્રંથનો પધરાઈ સમારંભ રવિવાર, ૨૦ નવેંબર, ૨૦૨૩નો ભુજમાં હતો જેમાં હાજર રહેવાનું મારું સદ્ભાગ્ય હતું. એ દિવસે એવા જ બીજા ગ્રંથ ''મોતી ભરત''નું પણ વિમોચન હતું. દરેક કચ્છીએ આ બન્ને પુસ્તકો વસાવવા જોઈએ.

''કચ્છ ધરાની વિસ્મૃત વિરાસતો-સેલોર-વાવ સ્થાપત્ય''– શ્રી સંજય પી. ઠાકર દ્વારા લિખિત આ મહામૂલો ગ્રંથ માત્ર કચ્છ જિલ્લામાં જ આવેલી એવી જળવાવો એટલે કે સેલોર (કચ્છી ઓળખ) એટલે કે જળમંદિરો વિશે રૂબરૂ મુલાકાત કરીને તેના ભૌગોલિક સ્થાન, ચતુર્દિશા, પ્રકાર, ઈતિહાસ, તેને બંધાવનાર, બાંધવાનાં કારણો કે ઈરાદાઓ, તેનાં કદમાપ, બાંધણી, પાણીની ગુણવત્તા, કોતરણી, શિલ્પવિધાન, સામાજિક અને ધાર્મિક મૂલ્ય, દંતકથાઓ, ઉપયોગીતા, શિલાલેખો, જીર્ણોદ્ધાર, હાલની સ્થિતિ વગેરેનો નિર્જન અને દુર્ગમ વિસ્તારોમાં પણ પહોંચીને અભ્યાસ કરી પીએચ.ડી પદવી માટેનો મહાશોધ નિબંધ હોય તે પ્રકારનો શબ્દાર્થ અને વિશ્વસનીય સંદર્ભો સાથેનો કચ્છની સેલોરના એન્સાયક્લોપીડિયા સમાન ગ્રંથ તૈયાર કર્યો છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશક શ્રી રમણીકભાઈ ઝાપડિયાને આ ગ્રંથની પ્રસિદ્ધિ માટે વંદન છે. ''કલાતીર્થ'' સંસ્થા અને ગ્રંથશ્રેણી ''કલાગંગોત્રી'' એ શબ્દોનું ચયન જ તેઓની દીર્ઘદૃષ્ટિ દર્શાવે છે! ગુજરાતના કલાચાહકોને ઘેર બેઠા ગુજરાતી કલાગંગોત્રી ગ્રંથો દ્વારા અમૃતજળનું આચમન કરાવનારા શ્રી ઝાપડિયાસાહેબ, આવનારા સમયની શિક્ષિત પેઢી આ કલાવારસાનું દસ્તાવેજીકરણ કરી તેની જાળવણી બદલ ચોક્કસ ઋણી

રહેશે. ગ્રંથરચના માટે વ્યક્તિગત નિરીક્ષણ, યોગ્ય કદમાપના ટાઈપ અને પ્રૂફરીડિંગ, મુખપૃષ્ઠ સજાવટ, નિષ્ણાતો સાથે સંકલન જેવી અઘરી કામગીરીમાં રસ દાખવતા અને ગ્રંથ તૈયાર થયા પછી તેની યોગ્ય રીતે વિતરણ વ્યવસ્થા પણ સંભાળતા શ્રી ઝાપડિયાસાહેબ ખરા અર્થમાં કલાધર સાબિત થયા છે. આ સાથેસાથે આ કલાગંગોત્રી કલાધારાને સતત વહેતી રાખવા માટે આવશ્યક દાન આપનારા મહાનુભાવો પણ એટલા જ હકદાર બને છે.

આ ગ્રંથનો મૂળ વિષય છે જળ, એટલે કે પાણી અને એટલે અંતે માનવજીવના જળસ્રોતો તરીકે આપણે ત્યાં વરસાદ મુખ્ય છે, પરંતુ તે વરસાદી પાણીના સંચય માટે તળાવો, કૂવા-કૂઈ, વાવો અને વર્તમાનના બંધો મહત્ત્વના છે. જમીનમાંથી જળ શોધી તેને ધર્માર્થે કે માનવકલ્યાણ અર્થે કે અબોલ જીવોના કાજે ઉપલબ્ધ બનાવનાર જે તે વખતના સમાજશ્રેષ્ઠીઓની ઉદાર સખાવતો દ્વારા બનાવવામાં આવેલી વાવોનું મહત્ત્વ સમગ્ર ભારતભરમાં છે તેનાથી વધુ ગુજરાતમાં છે. ગામમાં, સીમમાં કે વનવગડે બનેલી આવી વાવોનું પાણી જે તે સમયે માનવીને પીવા અને પશુ-પંખીઓ માટે મુખ્ય મહત્ત્વનું હતું. ઝડપી અને સરળ વાહન-વ્યવહારની સગવડતા વિનાના એ યુગમાં ચાલતા કે અશ્વ-ઊંટસવારી કે ગાડાં-વેલ–રથ વગેરે દ્વારા મુસાફરી કરતા પ્રવાસીઓને-વેપારીઓને માટે વનવગડે સેલોર જળનો આવો સ્રોત ઈશ્વરના ચમત્કાર સમાન ગણાતો હતો. હાલની સગવડતા સામે આજે વટેમાર્ગુઓ નથી હોતા, પણ પશુઓને પાણી પિવડાવવા કે ક્યાંક ખેતી માટે આ સેલોર જળસ્રોતોનો ચોક્કસ ઉપયોગ થાય જ છે.

પાણીપુરવઠા વિભાગે ગુજરાતમાં ૬૬૯ વાવોની ભાળ મેળવી હતી. ગુજરાતમાં અંદાજિત ૧૫૦૦થી વધુ પ્રાચીન વાવો આવેલી છે. ૬૬૯ વાવોમાંથી ૫૧૮ વાવો હાલમાં જળસભર છે. ગુજરાતમાં કુલ ૭૩ વાવો રાજ્ય સરકાર દ્વારા સંરક્ષિત કક્ષામાં મુકાયેલી છે. ૧૩૩ વાવમાંથી અંશતઃ તો ૭૧ વાવ સાવ બૂરાયેલી જોવા મળી હતી. ખુલ્લી વાવની કુલ સંખ્યા ૪૮૬ની છે.

માત્ર પાણી મેળવવા માટે ખાડો ખોદીને તેમાંથી પાણી મેળવવાની સુવિધા ઊભી કરવી તે વાવ નથી, પરંતુ વીરડો છે. કૂવો કે કૂઈ એ જુદા જ સ્વરૂપના જળ સ્થાપત્ય છે. અંગ્રેજીમાં વાવ કે સેલોર માટે ''STEPWELL'' શબ્દ પ્રયોજવામાં આવે છે. એક બાજુએ કૂવો અને તેના જળ સુધી પહોંચવા માટે પગથિયાં બનાવવામાં આવે છે કે જેથી વટેમાર્ગુઓ ત્યાં સુધી પહોંચી સીધું પાણી પીવામાં લઈ શકે છે અથવા તો કુંજાઓમાં ભરી શકે છે. સામાન્ય રીતે કૂવો ચોરસ-ગોળ હોય અને

ચારેબાજુએથી ચણેલો હોય છે, જ્યારે વાવ કે સેલોરમાં એક, બે, ત્રણ કે ચારેબાજુએથી ઊતરવાનાં પગથિયાં હોય છે. આપણા પ્રાચીન સ્થાપત્ય ગ્રંથોએ તો વાવ-સેલોરની રચના માટે અણમોલ માર્ગદર્શન આપ્યું છે, જે મુજબ જે વાવ કે વાવડીને એક મુખ હોય અને તેમાં ત્રણ કૂટ હોય તો તે વાવડી નંદા પ્રકારની છે, તો જેને બે મુખ અને છ કૂટ હોય તે વાવ ભદ્રા કહેવાય છે. જેને ત્રણ મુખ અને નવ કૂટ હોય છે તે જયા નામની અને જેને ચાર મુખ હોય અને બાર કૂટ હોય તે વિજયા નામથી ઓળખવામાં આવે છે. તે ઉપરાંત (૦૧) જે વાવ બત્રીસ હાથ લાંબી, ચાર હાથ પહોળી અને સાડા ત્રણ હાથ ઊંચી હોય તેને દીર્ઘીકા વાવ કહેવાય (૦૨) જેનો અંદરનો ભાગ પહોળો હોય તે ભોલરી વાવ  અને (૦૩) અખૂટ પાણીવાળી વાવ જીવતી વાવ કહેવાય છે. કૂટ વિન્યાસ હેતુથી વાવોને એકકૂટ, દ્વિકટા, ત્રિકટા, ચતર્કટા, પંચકટા, ષડકટા અને સપ્તકટા પણ કહેવાય છે.

કચ્છ પ્રદેશ આમ તો સમગ્ર ભારતમાં આવેલ તમામ જિલ્લાઓમાં ભૌગોલિક ક્ષેત્રફળની દૃષ્ટિએ વિશાળ જિલ્લો છે. આ જિલ્લામાં જળ સમસ્યા સદીઓ જૂની હતી ત્યારે ત્યાંના રાજવીઓ, સમાજશ્રેષ્ઠીઓ, દાતાઓ અને સામાન્ય પ્રજાએ પણ વાવ ગળાવી મીઠા પાણીની સુવિધાનું સર્જન કર્યું છે. હાલમાં ઘરેઘરે નળ વાટે પાણી પહોંચવાડવામાં આવતું હોવાથી આવા વાવ જેવા જળમંદિરોનું મહત્ત્વ ઘટતું ગયું છે, પરંતુ જે જીવતી વાવો છે તેનું પાણી આજે પણ ખેતીમાં અને અવાડા કે જળકુંડીઓ મારફતે જીવદયા હેતુથી પશુ-પંખીઓના ઉપયોગમાં આવે જ છે.

કચ્છ જિલ્લાની વાવો કેન્દ્રિત સેલોર ગ્રંથની જે છ અતિમહત્ત્વની ગમતી બાબતો હોય તો તેમાં (૦૧) પ્રકરણ વિન્યાસ (૦૨) તસવીરો અને તથ્યો (૦૩) વિશ્વાસનીય સંદર્ભો (૦૪) સ્થાનિક શબ્દો અને અર્થો (૦૫) ઋણસ્વીકાર સાતત્ય, અને (૦૬) સરળ આલેખન ઊડીને આંખે વળગે છે. આ ગ્રંથની મૂળ વિગતો તો લેખકની કચ્છના અગ્રણી અખબાર ''કચ્છમિત્ર''ની અર્ધ–સાપ્તાહિક ''પરાગપૂર્તિમાં'' કચ્છની સેલોર''ના અઢી વર્ષની સતત કૉલમના વિવિધ ૧૩૧ હપ્તા અંકો છે. આ હપ્તાઓને પ્રકરણ વિન્યાસમાં લીધેલા હોવાથી ગ્રંથ વાંચનમાં કંટાળો આવતો નથી. ટૂંકા હપ્તાઓને લીધે દરેક પ્રકરણનો રસપૂર્વક અભ્યાસ કરી શકાય છે. ક્યારેક જો વાંચન છોડવું પડે તો પ્રકરણ સરળતાથી પૂર્ણ કરી શકાય તે મજા છે! આ પ્રકરણો કચ્છ જિલ્લાના તાલુકાવાર પણ લઈ શકાયાં હોત પરંતુ તો કદાચ પ્રકરણો લંબાતાં અને એક સમાન વિગતો ક્યારેક છોડી દેવાનું મન થાય, પરંતુ તેમ ન કરતા

પ્રકરણો મૂળભૂત રીતે જ રજૂ કર્યાં છે તે વ્યક્તિગત રીતે ગમતી બાબત છે. બીજું કે, પ્રકરણનું મુખ્ય શીર્ષક અને સાથે પેટા-શીર્ષકરૂપી ટૂંકી નોંધ વધુ ધ્યાનાકર્ષક બને છે. એક વખત ઝીણવટભર્યા વાંચનને બદલે માત્ર પ્રકરણનાં શીર્ષકો વાંચે તો પણ આછેરો ખ્યાલ તો આવી જ જાય!

બીજી મહત્ત્વની બાબત તે તસવીરો અને તથ્યોના સુમેળની છે. આ ગ્રંથમાં લેખકશ્રીએ લગભગ ૩૫૨ જેટલી તસવીરો દરેક પ્રકરણની સાથે રાખી છે. માત્ર વાવોનું જ આલેખન હોય તો કદાચ વાચકોને આકર્ષિત કરવામાં કે રસ પ્રગટાવવામાં પૂર્ણ સફળતા ન મળે એવું બને, પરંતુ અહીં આલેખન સાથે તસવીર પુરાવાઓ વાચકોને મજા સાથે ઘેરબેઠા કચ્છનાં જળમંદિરોનાં દર્શન કરાવવામાં લેખક સફળ થયા છે. તેઓની મહેનત ચોક્કસ કાબિલેદાદ છે. એક વિશેષ નોંધનીય બાબત એ પણ છે કે દરેક તસવીર સાથે તસવીરની વિગતો પણ પ્રાપ્ય છે. અહીં ગ્રંથ અભ્યાસ માટે જો કોઈ વાચક શીર્ષક અને તસવીરોનો અભ્યાસ કરે તોપણ તે વિષયને પૂરતો સમજી શકે છે. જેવું વાવોનું વર્ણન છે તેનો પુરાવો તસવીરો આપે જ છે! ત્રીજી મહત્ત્વની બાબત તે વિશ્વસનીય સંદર્ભોની છે અને એટલે આ ગ્રંથ પીએચ.ડી પદવી માટેના મહાશોધ નિંબધ કક્ષાનો ગ્રંથ છે. સંદર્ભોને લેખકે બે-ત્રણ રીતે નોંધ્યા છે. એક તો આખું પ્રકરણ સંદર્ભ સાહિત્યના મુખપૃષ્ઠ તસવીર સાથેનું છે. આ પ્રકરણમાં લેખકશ્રીએ સંદર્ભ ગ્રંથોની મહત્ત્વની વિગતો પણ નોંધી છે. તે ઉપરાંત દરેક પ્રકરણમાં જે ગામની સેલોર હોય તે ગામની સંબંધિત પ્રસિદ્ધ થયેલી પુસ્તિકાઓ કે ગ્રંથોનાં પાનાં ક્રમ સહિતના સંદર્ભો ટાંક્યા છે. મોટા ભાગનાં ગામોમાં આવું સાહિત્ય ઉપલબ્ધ હોય તે કચ્છ જિલ્લાની એક મોટી વિશેષતા છે! ત્રીજી બાબત કે જે તે વાવ અને ઈતિહાસ સંબંધિત કોઈ પુસ્તકો, ગૅઝેટિયરો, દીપોત્સવી અંકો, અખબારી લેખો અને શબ્દકોશોને પણ સંદર્ભો તરીકે યથાર્થ રીતે ઉપયોગમાં લીધાં જ છે.

ચોથી બાબત છે સ્થાનિક કચ્છી બોલીના શબ્દો અને યોગ્ય અર્થોની સમજૂતી આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. ગ્રંથનું કેન્દ્રબિંદુ કચ્છની વાવો છે અને લેખક પણ કચ્છી છે એટલે કચ્છી બોલીનું પ્રભુત્વ રહે તે સ્વાભાવિક છે. આ લેખકે એ સમજી લીધું હતું કે અખબારી કટારના વાચકો કદાચ કચ્છી જ હોઈ શકે, પણ આ ગ્રંથના વાચકો તો સમગ્ર ગુજરાતમાં પથરાયેલા વિવિધ બોલી બોલતા ગુજરાતીઓ હશે એટલે તેઓએ એવા અનેક શબ્દોની સાથેસાથે સમજણ આપી વાચકોની શબ્દાર્થ મુશ્કેલી નિવારી છે. સેલોર શબ્દની વ્યુતપત્તિ, સંધિ, અપભ્રંશ અને વિવિધ ભાષાના સંદર્ભો સાથે સેલોર શબ્દની

ઝીણીઝીણી નોંધ સાથેની સમજૂતીનું પ્રકરણ એક નહીં, પણ બે વખત વાંચવા પ્રેરે છે. આ ગ્રંથની બે દિવસની વાંચનયાત્રામાં કેટલાક શબ્દોની યાદી આ મુજબ છે; સેલોર, કૂટ, ભોંયસૂંઘણા, નાપી, પાટડા, પડથાર, માંડ, પરસાળ, તાક, વટલોઈ, ટોડા, થાળા, ઓતરંગ, પાંખડી જર/જારણ, છીપરો, કૂબો, ચોબારી, પૂંજી, અવળસવળ. કુરચલી, ચોડાઈ, રસાંગ, દ્રમ, દ્રમ્પ, પહેડી, આડી ચાવીઓ, ઝર, ઢીંકુળી, દ્રમ્પ ધૃત ઘટી, જલજ, ઓગનતી, સરાંધી, કનસારોં, ગૈધર, વાતાડુઓ, ભર્યું કર્યું, ગજિયા, ઓઠા, વાંઢ, ભાગર, ભડ, પેડી, સાગ, પતર્યા, ઉકેરી, તમા તરાઈ વગેરેનો સમાવેશ થાય છે. આ શબ્દોને અને એ સિવાયના પણ કેટલાક કચ્છી બોલી અને સાહિત્યના શબ્દો સમજવા અને માણવા આ ગ્રંથનો અભ્યાસ કરવો જ પડે!

પાંચમી નોંધનીય બાબત છે કે આ સમગ્ર ગ્રંથ પ્રકરણોમાં લેખકે વાવોની રૂબરૂ મુલાકાત ટાણે જે જે સ્થાનિક આગેવાનો, જાણકારો, ઇતિહાસવિદ્ અને કોઈ પણ રીતે માહિતીદાતા બનનાર વ્યક્તિઓનો પ્રકરણના અંતે નામજોગ ઋણસ્વીકાર કર્યો છે. આ નોંધ ગ્રંથની વિશ્વસનિયતામાં વૃદ્ધિ કરે છે. આ પ્રલોભન નથી, પણ જેણે વિષય અનુરૂપ જે કંઈ પણ આપ્યું છે તેઓ પ્રત્યે એક જાતનો આદરભાવથી ઋણસ્વીકાર છે.

છઠ્ઠી મહત્ત્વની બાબત તે સુગમ, સરળ, સુપાચ્ય લેખનશૈલીની છે. વાચકોને જકડી રાખતી આ શૈલી બહુ ઓછા નવોદિત કટારલેખકો પાસે છે તે નોંધવું રહે છે, તો સાથે બિરદાવવું પણ પડે એમ છે. એક વિશેષ નોંધ એ પણ કરવી પડે છે કે આ ગ્રંથના એક પ્રકરણમાં લેખકશ્રીએ સેલોર સંબંધી કહેવતો, કવિતાઓ, લગ્નગીતો, પ્રણયગીતો અને કચ્છી કવિશ્રીઓની ગઝલ રચનાઓ પણ ટાંકી છે કે જે સેલોર શબ્દનું સાહિત્યિક અનુસંધાન પણ દર્શાવે છે. એક સંપૂર્ણ પ્રકરણમાં સેલોરના જીર્ણોદ્ધાર કે સાચવણી વિશે ચિંતા કરતી નોંધ કે એક પ્રકારની અપીલ જોવા મળે છે.

પ્રસ્તુત ગ્રંથ વિશે ઘણુંબધું લખી શકાય છે કે તેની વિવેચનાત્મક નોંધ તૈયાર કરી શકાય એમ છે. આ ગ્રંથનો ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ વિશ્વવિદ્યાલય-ભુજ દ્વારા સંશોધન શ્રેણીમાં સ્વીકારી આ ગ્રંથના લેખકશ્રીને માનદ્ પીએચ.ડી પદવી અર્પણ કરવી જાઈએ. કચ્છ ધરાના અનેક કવિઓ, સાહિત્યકારો, સંશોધકો, ઈતિહાસવિદો, પુરાતત્ત્વવિદો, કટારલેખકો, ચિત્રકારો, વણાટ વૈજ્ઞાનિકો, સમાજશ્રેષ્ઠીશ્રીઓ, દરિયાઈ વેપાર સાહસિકો, દાનવીરશ્રીઓ, પ્રજાવત્સલ રાજવીશ્રીઓ, તંત્રીશ્રીઓ અને પત્રકારશ્રીઓએ કચ્છ ધરાની આગવી ઓળખ ઊભી કરી છે જેમાં શ્રી દુલેરાય કારાણીસાહેબથી શરૂ કરીને વર્તમાન સહુ શબ્દાધિપતિઓનો સમાવેશ

કરવામાં આવે તો ભાવિ પેઢીને પણ સતત પ્રોત્સાહન મળતું રહેશે.

કહેવાય છે કે, ''દસ કૂપ સમા વાપી, દસ વાપી સમા સમશેર'', એટલે કે એક વાવ બરાબર દસ કૂવા અને દસ વાપી (બનાવવામાં) એક તળાવ બરાબર પુણ્ય મળે છે! આવા વાવ બંધાવનારા સર્વે પુણ્યાત્માઓને આદરપૂર્ણ વંદના છે અને મારા મિત્ર સંજય પી. ઠાકરને ફાંટ ભરીને અભિનંદન. પગમેં ભમરીના આ આલેખનમાં રાજકોટના પ્રોફેસર ડૉ. રમણીકભાઈ યાદવનો ઋણસ્વીકાર કરું છું.

**સેલોર વાવ** અને **મોતીભરત** બન્ને પુસ્તકોનું પ્રાપ્તિ સ્થાન :
**''કલાતીર્થ ટ્રસ્ટ''**
રંગ ૧૮, રાજાનન સોસાયટી (૩)
ગજેરા સ્કૂલની સામે, કતાર ગામ,
સુરત - ૩૯૫ ૦૦૪.
મોબાઈલ : ૯૮૨૫૬૬૪૧૬૧.

બન્ને ગ્રંથોનું મૂલ્ય - અમૂલ્ય એમ લખવામાં આવ્યું છે. આપ યથાશક્તિ કલાતીર્થ ટ્રસ્ટને અનુદાન આપી સંસ્થાની અમૂલ્ય પ્રવૃત્તિમાં સહાયભૂત થાઓ એવી વિનંતી સાથે વીરમું છું.

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯


Since 2000
100% Pure Vegetarian
श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी
Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)
100% PURE JAIN PRODUCTS
3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# મૂડને સુધારી દે એવી કવિતા

ડૉ. ગુલાબ દેઢિયા

દર વર્ષે શાળા તરફથી અમને નવાં પાઠ્યપુસ્તકો મફત મળતાં. ગામડા-ગામમાં આ મોટી વાત હતી. નવી ચોપડી હાથમાં આવે ત્યારે પહેલું કામ હું એને સૂંઘી લઉં છું. કાગળ અને શાહીની ગંધ માણવી ગમે. ચોપડીને પાનેપાને આંખ વિસ્મયભેર વિહરે તે પહેલાં હું ટેરવાં ફેરવી લઉં છું. નવા કાગળનો સ્પર્શ પણ મને ખૂબ ગમે છે. પાઠ્યપુસ્તકોમાંથી બધા તો નહિ, પણ ગુજરાતીની ચોપડી અમે ભણવામાં આવે તે પહેલાં જ આગોતરી વાંચી લેતા. વાર્તા, કવિતા કે નિબંધ ભણવા માટે વાંચવા પડે અને વાંચવા ખાતર વાંચીએ એ વચ્ચે તો નોકરી અને સર્જન જેટલો તફાવત છે.

પાઠ્યપુસ્તકની કવિતાઓ અમારે ગોખવી નહોતી પડતી. એ તો એકાદ-બે વર્ષ અગાઉથી જ અમારા કાનમાં તોરણ બાંધી જતી. મોટાં ભાઈ–બહેન કે પડોશના કોઈ વડેરા મિત્ર રાગથી કવિતા ગાતા... અમને એ કાવ્યો કંઠસ્થ થઈ જતાં. અંતકડી રમવામાં પણ એ જ કવિતાઓ ખપ આવતી.

કવિતાનો અર્થ પૂરેપૂરો નહોતા સમજતા (આજે પણ હજી ક્યાં પૂરો સમજાયો છે!) રાગનો કેફ અનુભવતા. રાગ કે લયની પણ ખબર નહોતી. શાળામાં પણ કવિતાઓ બહુ સમજાવવામાં નહોતી આવતી. માત્ર કંઠસ્થ હોય એટલું જ શિક્ષક માગતા. ગુજરાત વિદ્યાપીઠ વાચનમાળામાં કાવ્યો દેવનાગરી લિપિમાં છપાતાં. હિન્દી લિપિ શીખવવામાં એ લાભ મળી જતો.

બચપણમાં ભેટી ગયેલી ઘણી કવિતાઓ પ્રિય છે, જુદાજુદા કારણોસર અને કોઈ પણ કારણ વગર. એક ગમતી કવિતા કહું તો બાલાશંકર કંથારિયાની જાણીતી ગઝલ ‘ગુજારે જે શિરે તારે’ હજી યાદ છે. એનો માદક લય કાનમાં હજી સલામત છે. કેટકેટલા ઘોંઘાટ, કોલાહલ અને ચિત્કારોની વચ્ચે થોડાક મનગમતા ધ્વનિ કર્ણમૂળમાં રહે છે. એ કાનના આભૂષણ છે. કવિતાની ઉપર ‘ભુજંગી’ એમ લખેલું હતું, પણ ત્યારે છંદની ગતાગમ નહોતી. કાવ્યની સરળતા, વેધકતા અને ગેયતા કિશોરમન પર જાદુ કરતી હતી. એ કામણ હજી ઓસર્યાં નથી.

કવિ સાવ સીધી વાત કરે છે. કહોને મુખામુખ કહે છે. કવિ ભાવક સાથે વાત કરતાં હોય એવું લાગે છે. વડીલશાહી ઢબે નહિ, ઊંચા આસને બેસીને નહિ, પણ અંગત આત્મીય મિત્રની ઢબે ખભે હાથ મૂકીને.

પહેલી પંક્તિ પ્રથમ પંક્તિમાં બેસે એવી છે.

**ગુજારે જે શિર તારે**
**જગતનો નાથ તે સહેજે**
**ન ગણ્યું જે શિરે પ્યારું પ્યારાએ,**
**અતિ પ્યારું ગણી લેજે.**

આપનાર અને લેનાર અન્ય કોઈ નથી. દુશ્મન નથી, પ્રભુ જ છે. એને ગમ્યું તે ખરું. આ વાત સમજાય ત્યારે દુઃખ, વિયોગ, સંતાપ એ સ્વરૂપે નથી રહેતાં. વિરોધ પોતે જ શમી જાય છે. જગતના દ્વન્દ્વોનો તાપ નથી રહેતો. કોઈ માનસશાસ્ત્રી સમજાવે એવી પંક્તિ છે.

દુનિયાની જૂઠી વાણીનું દુઃખ કોને ભોગવવાનું નહિ આવ્યું હોય? કવિ કહે છે, એ તાતાં તીર જેવા શબ્દોને દિલમાં પ્રવેશવા જ નહિ દેતો. તારા અંતરમાં જે આનંદ છે તે તારો છે, મૂલ્યવાન છે, એને ઓછો થવા ન દેતો. પેલી જૂઠી વાણી આઘી રહેશે. ન્યાય-અન્યાયના ચક્કરમાં ના પડતો. હંમેશાં ન્યાય જ થાય છે એવું નથી. થયેલા સંતાપને પાછો વાળી શકાતો નથી. એટલે કવિ કહે છે, 'જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે.' જગતકાજી-જગતના જનરલ મૅનેજર બનવાની તારે જરૂર નથી. પારકી પંચાત કરવા જતાં પીડા તો તને થવાની.

જગતના કાચના યંત્રે-દૂરબીન કે સૂક્ષ્મદર્શક વસ્તુ દૂર કે નજીક, મોટી કે નાની દેખાશે. જગતનાં સાધનોથી યર્થાથ નહિ દેખાય. તારી માન્યતાના ચશ્માંથી પણ યથાર્થ નહિ દેખાય. માટે સારા કે નઠારાથી દૂર રહેજે. અસંગ રહેજે. કડવાશ, અપમાન, સંતાપ, દ્વેષ, વિવાદ, વિખવાદ, અન્યાય વગેરેનો ભોગ બન્યા બાદ એ માનસિક ત્રાસથી છેટે રહેવામાં જ સાર છે.

શાંતિપૂર્વક સંતોષથી અને નિર્મળ ચિત્તે રહેજે. તારા દિલમાં જે દુઃખ કે આનંદ છે તે કોઈને નહિ કહેતો. કવિ બાહ્ય જગતના ઉધામાથી આંતરજગતને બચાવવા કહે છે. અહીં આપણાને કવિ રાજેન્દ્ર શાહનું 'બોલીએ ના કંઈ' અને ઝવેરચંદ મેઘાણીનું 'એકલો' કાવ્ય યાદ આવે.

કવિ ફરીફરીને કહે છે, દિલની વાત દિલમાં જ રહેવા દેજે. દુઃખ અને આનંદ બન્ને તારા છે. દિલમાં રાખજે. ઘણી વાર દુઃખ કહેવા જેવું નથી હોતું, તો ક્યારેક આનંદ પણ ક્યાં કહી શકાય છે! કવિને જાતને સુધારવામાં રસ છે. તેથી કહે છે, બહારનો નહિ તારો પાકો દુશ્મન ક્રોધ છે, જે તારા ચિત્તમાં વસે છે તેને ત્યજી દેજે. ઘણી ઘડીઓમાંથી ઘડીભર સમય પણ ભલાઈમાં જાય તેને મહાલક્ષ્મી-મોટી મિરાત સમજજે. ક્રોધ છૂટ્યો તો તું પણ છૂટ્યો. કવિની શોધ આનંદ છે. નિજી આનંદ છે.

**'રહે ઉન્મત સ્વાનંદે ખરું એ સુખ માની લે,**
**પિયે તો શ્રીપ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લે.'**

જીવનની લીલીસૂકી જોનાર, અનુભવે ઘડાનાર ઠરેલ માનવી કહી શકે, 'કટુ વાણી સુણે જો કોઈને, વાણી મીઠી કહેજે; પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું દેજે.' કટુ બોલનાર તો અબુધ છે, ભોળો છે. તું કડવી વાણી ના ઉચ્ચારતો, વાણીમાં અને જીવનમાં કટુતા ન આવે એ ખાસ જોવા જેવી સાવધાની

છે. કવિ માનવવૃત્તિ, માનવમન અને માનવ-વ્યવહારને કેવી નિકટતાથી નિહાળે છે!

અમ વિદ્યાર્થીઓને ઘણી વાર વિચાર-વિસ્તાર કરવા પુછાતી એ પંક્તિ તો હવે કહેવત જેવી પ્રચલિત થઈ ગઈ છે.

**'અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,'**
**ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.'**

ભાગ્યને નજર સામે દોડતું, રમતું, હડી કાઢતું દેખાડ્યું છે. પ્રારબ્ધ ચંચળ છે. એ બુદ્ધિપૂર્વક નથી વર્તતું. એનો કોઈ કાયદો કે નિયમ આપણને નથી સમજાતાં. ભાગ્ય કોને ફળે, કોને નડે એ કોણ જાણી શકે? એની પાસે લૉજિક નથી અથવા એને સમજવા આપણી પાસે લૉજિક નથી. તેથી તો કહે છે, તું એની પાછળ ન દોડતો. પ્રારબ્ધ અને પતંગિયાની રાશિ એક જ છે. એને પકડવા જઈશ તો છટકી જશે. શાંત રહીશ તો ખભે આવી બેસી જશે. કવિએ પ્રારબ્ધને ઘેલું કહી, નાદાન સમજી માફ કરી દીધું છે. કોઈ સાધુપુરુષ કહી શકે એવી પંક્તિ છે.

**'રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,**
**જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.'**

અનાસક્ત થવું દુષ્કર છે. મોહ એ મૂર્છા છે, ભ્રમ છે. મમત્વ ત્યજી શાંતિથી રહેવામાં સુખ છે. કવિને ખબર છે કે જગતમાં જાદુગર જેવી હાથચાલાકી, જીભચાલાકી બહુ ચાલે છે. એ છળકપટ સમૂળગાં ત્યંજી દેવાનાં છે.

છેલ્લી બે કડી અમે વિદ્યાર્થીઓ ઊંચા અવાજે ઉચ્ચારતા, કહોને લલકારતા. કવિતા કોને માટે લખવી એ પ્રશ્ન કવિને નથી. પ્રભુના ગુણગાન ગાઈ કાવ્યમાળા બનાવી પ્રભુને અર્પણ કરી દેવી, પ્રભુની પ્યારી ગ્રીવામાં પ્રેમથી આરોપી દેવી.

કવિને પોતાના શબ્દ માટે પૂર્ણ શ્રદ્ધા છે. તેથી જ કવિ પોતાને કવિરાજ કહી શકે છે. 'કવિ રાજા થયો શી છે પછી પીડા તને કાંઈ? નિજાનંદે હંમેશાં 'બાલ' મસ્તીમાં મજા લેજે. કવિત્વ મળ્યું પછી કોઈ પીડા પીડા નથી રહેતી. સર્જનનું વરદાન એ તો બ્રહ્માનંદ સહોદર આનંદ સમાન છે. નિજાનંદથી સદા મસ્તીમાં મજા ઊપજે. આ મસ્તી અનન્ય છે. અંતરે ડોકિયું કર્યાની મસ્તી છે. જગતના અટપટા વ્યવહારોથી દુઃખી થવાનું છોડી દઈ જાતના સુખમાં મજા લેવી. સુખ બહાર નથી. બહાર છે તે સુખ નથી તેની પ્રતીતિ અહીં છે.

સારી કવિતા કદી જૂની થતી નથી. કવિતાની કસોટી એ છે કે અંતરને એ કેટલી સ્પર્શે છે. બોધ હોય તોય શું? મજા આવે છે ને! ભાવકને પોતાની વાત હોય એવી પ્રતીતિ થાય છે ને! પછી ચિંતા શાની!

સ્વ સાથે સંવાદ કરાવે, પોતાની રૂબરૂ કરી દે એવું આ કાવ્ય છે. 'બાલ' ઉપનામ પણ જાણે બાલક જેવી નિર્દોષતા, મુગ્ધતા અને સરળતાનું પ્રતીક છે.

ક્યારેક એમ લાગે કે આજે જરાક મૂડ ઠીક નથી, તો 'ગુજારે જે શિરે તારે' મોટેથી ગાજો. તમને સંભળાય એ સ્વરે. રાગ તો યાદ છે ને! નિજાનંદ આવી મળશે.

તો ચાલો, મોટેથી ગાઈએ. 'ગુજારે જે શિરે તારે...'

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

# મુંબઈને ગામડામાંથી શહેર બનાવનાર કચ્છીમાડુ ''તેજુકાયા''



✻ વસંત મારુ ✻

અંદાજે હજારેક વર્ષ પહેલાં પાટણ (ગુજરાત)ના રાજા ભીમદેવ સોલંકીએ યવનો સામે યુદ્ધ હારી જવાથી વહાણમાં બેસીને મહિકાવી નામના ટાપુ પર આવીને નવું નગર વસાવ્યું. એ મહિકાવી ટાપુ એટલે આજનું માહિમ. આમ પાટણના રાજા ભીમદેવ સોલંકીએ મુંબઈને જન્મ આપ્યો. મહિકાવી ટાપુ પર થોડા આદિવાસી લોકોની વસ્તી હતી. ચારેબાજુ પાણી અને જંગલ વચ્ચે આવેલા ટાપુના સમૂહમાંથી મુંબઈનું સર્જન થયું.

અંદાજે ૨૦૦ વર્ષ પહેલાં નાના-નાના ડુંગરાઓના ઘાટ પર થોડાં કાચાં મકાનોમાં લોકો રહેતા હતા. સમય જતાં એ ડુંગરાઓ ખોદી કાઢવામાં આવ્યા, પણ એ વિસ્તારનું નામ પડ્યું ઘાટકોપર! આમલી એટલે ચિકમંગુના ઝાડ પરથી એક વિસ્તારનું નામ પડ્યું ચિંચપોકલી! અંગ્રેજ ગોરાઓની જ્યાં લશ્કરી છાવણીઓ હતી એ વિસ્તારનું નામ પડ્યું ગોરેગામ! દક્ષિણ મુંબઈમાં ભરતી વખતે દરિયાનાં પાણી આવતાં અને મજૂરો એમાં પગ ધોતા એટલે એ વિસ્તારનું નામ પડ્યું પાયધુની! આમ આમચી મુંબઈનો મજેદાર ઇતિહાસ છે.

આસરે એકસો દસ વર્ષ પહેલાં મુંબઈ ગામડા જેવું હતું. કચ્છના લાયજા ગામમાંથી એક તેજસ્વી યુવાન આંખમાં સપનાં ભરી દરિયામાર્ગે મુંબઈ આવ્યો. એ યુવાનનું નામ હતું તેજુ અને તેજુભાઈના પિતાનું નામ હતું કાયાભાઈ. કથાનાયક તેજુકાયાનું આગમન મુંબઈમાં થયું અને આ કચ્છી માડુએ ગામડા જેવા મુંબઈને મહાનગરમાં પલોટવાનું કાર્ય આરંભ્યું.

### ટ્રામ વે બનાવનાર પ્રથમ કચ્છી

તેજુબાપાના મુંબઈના આગમન બાદ થોડા સમયમાં જ નાગપાડાના એક પારસી સદ્‌ગૃહસ્થના માર્ગદર્શન હેઠળ ટ્રામ માટે રસ્તો બનાવવાનો કૉન્ટ્રેક્ટ મેળવ્યો. એ સમયે ટ્રામને ખેંચવા ઘોડાનો ઉપયોગ થતો અને ટ્રામ પાટા પર નહીં, રસ્તા પર ચાલતી. માત્ર બે જ ચોપડી ભણેલા તેજુબાપાએ ગજબની કોઠાસૂઝ બતાવીને કાર્ય પાર પાડ્યું અને અંગ્રેજોના ગુડબુકમાં આવી ગયા.

### મુંબઈનું પહેલું તળાવ બાંધ્યું

એ સમય એવો હતો કે મુંબઈમાં જગ્યા-જગ્યાએ કૂવા હતા. લોકો કૂવામાંથી પાણી ભરીને વાપરતા. મુંબઈની પાંખી વસ્તી



શેઠ શ્રી તેજુભાઈ કાયાભાઈ



શેઠ શ્રી ખીમજીભાઈ તેજુભાઈ

હોવાથી કૂવાથી કામ ચાલી જતું, પરંતુ થોડી વસ્તી વધતાં પાણીની ખેંચ પડવા લાગી અને અંગ્રેજોએ તળાવ બાંધવાનું નક્કી કર્યું અને એ તાનસા તળાવ બાંધવા પ્રમુખ ભૂમિકા ભજવી તેજુકાયા ઍન્ડ કંપનીએ! આજે પણ તાનસાનું પાણી મુંબઈગરાને મળી રહ્યું છે. તેજુકાયા પરિવારની શાખ વધવા માંડી. તેજુબાપા સાથે તેમનો દીકરો ખીમજી પણ જોડાયો. ખીમજીભાઈ પણ તેજુબાપા જેવા જ પ્રામાણિક અને ધાર્યાં કામ પાર પાડવાની કુનેહ તેમની પાસે હતી એને પરિણામે તેજુકાયા પરિવારની શાખ વધવા લાગી.

### પ્રખ્યાત કસ્તૂરબા હૉસ્પિટલ બનાવી

મુંબઈમાં અચાનક પ્લેગનો રોગ ફાટ્યો. માણસો ટપોટપ મરવા લાગ્યા એટલે આવા ચેપી રોગ માટે એક અલગ જ હૉસ્પિટલ બાંધવાનું નક્કી થયું, પણ તાત્કાલિક ધોરણે હૉસ્પિટલ બાંધી કોણ આપે? તરત જ તેજુકાયા ઍન્ડ કંપનીને યાદ કરવામાં આવી અને ચિંચપોકલી અને મહાલક્ષ્મીની મધ્યમાં કસ્તૂરબા હૉસ્પિટલ બંધાઈ; જે આજે પણ મલેરિયા, ડેંગી ઉપરાંત સંસર્ગ રોગો માટે એશિયામાં નંબર વન સરકારી હૉસ્પિટલ તરીકે જાણીતી છે. તેજુબાપા પરિવારે પથ્થરમાંથી બાંધેલી કસ્તૂરબા હૉસ્પિટલ! અત્યારે પણ અડીખમ ઊભી છે.

### આર્થર રોડ જેલ બાંધી

ગુનેગારોને સજા આપવા અંગ્રેજોને એક અભેદ જેલની જરૂર હતી. પરિણામે તેજુકાયા કંપનીએ આર્થર રોડ જેલનું નિર્માણ કર્યું જ્યાં મોટા-મોટા ગુનેગારોથી માંડી અજમલ

કસાબ જેવા આંતકવાદીઓએ સજા કાપી છે. આજે પણ એ જેલ અભેદ ગણાય છે. એવી જ એક અહમદનગર પોલિટિકલ જેલનું નિર્માણ તેમણે કર્યું હતું.

### મુંબઈની પ્રથમ અંડરગ્રાઉન્ડ ગટર સિસ્ટમ બનાવી

એક સમય હતો જ્યારે ગંદા પાણી અને વરસાદના પાણીનો નિકાલ કરવા મુંબઈમાં કોઈ વ્યવસ્થા નહોતી. રસ્તા પર વહેતા પાણીને કારણે મચ્છરનો ઉપદ્રવ ખૂબ વધી ગયો હતો, એટલે અંગ્રેજ અમલદારોએ આ ગંદા પાણી અને વરસાદના પાણીનો નિકાલ દરિયામાં કરવા માટે જમીન નીચે મસમોટી ટનલ બાંધવાનું નક્કી કર્યું. એ તોતિંગ ટનલો જમીનની અંદર બાંધવાનું અઘરું કામ તેજુકાયા કંપનીએ સફળતાપૂર્વક કર્યું છે અને એ સિસ્ટમ આજે પણ કાર્યરત છે. એશિયાની પહેલી ડ્રેનેજ સિસ્ટમના સર્જક તેજુકાયા પરિવારનું નામ આભને આંબવા લાગ્યું.

### મુંબઈમાં અનેક ઓવરબ્રિજ બનાવ્યા

સવાસો-દોઢસો વર્ષ પહેલાં માલ અને માણસની હેરફેર ગાડામાં કરવામાં આવતી હતી. અંગ્રેજો સિવાય કોઈની પાસે મોટરકાર રાખવાના અધિકાર નહોતા. રેલવે પરથી પસાર થવા ટાંગા-ગાડાની સગવડ માટે બ્રિજ બંધાવાનું ચાલુ થયું. દાદરનો ટિળક બ્રિજ, એલ્ફિન્સ્ટન બ્રિજ, મહાલક્ષ્મી બ્રિજ, ભાયખલાનો એસ. બ્રિજ જેવા બ્રિજ બાંધવાનું કામ આ કચ્છી કંપનીએ સફળતાપૂર્વક પાર પાડ્યું. એમાંય ભાયખલાનો વાંકડો પુલ બાંધવો એ એક ચૅલેન્જ હતી. આ વાંકોચૂકો બ્રિજ બાંધી સ્થાપત્યનો અદ્‌ભુત નમૂનો તેજુકાયા કંપનીએ જગતને આપ્યો, કારણકે એ જમાનામાં બાંધકામની આધુનિક ટેક્નિક શોધાઈ નહોતી. માત્ર અનુભવ, ઇચ્છા અને કોઠાસૂઝથી આ કાર્ય પાર પાડ્યું. ૧૦૦ વર્ષથી વધુ જૂનો આ બ્રિજ આજે પણ અડીખમ ઊભો છે. આ પુલ ગાડીઓ માટે નહીં, બળદગાડીઓ માટે બાંધવામાં આવ્યા હોવા છતાં આજે એના પરથી મોટીમોટી ટ્રકો પણ પસાર થઈ શકે છે!

### વાડિયા ડુંગર તોડવાનું પરાક્રમ

પરેલમાં જ્યાં આજે બાળકોની સૌથી મોટી વાડિયા હૉસ્પિટલ છે. ત્યાં ડુંગર હતો. એ જમાનામાં તોડકામ માટે જેસીબી મશીન નહોતા કે માલની હેરફર માટે ટ્રક પણ નહોતી. વાડિયા શેઠને ડુંગર તોડી સપાટ મેદાન બનાવી ત્યાં હૉસ્પિટલ બાંધવાની ઈચ્છા હતી.

વાડિયા શેઠે ડુંગર તોડવાનું કામ તેજુકાયા કંપનીને આપ્યું. કંપનીએ સેંકડો મજુરો જમા કર્યા અને ત્રિકમ, હથોળા, પાવડા, તગારા ઇત્યાદિની મદદથી મજૂરોના હાથેથી ડુંગરને જોત જોતામાં ખોદી કાઢ્યો. જમા થયેલી માટી સેંકડો ગાડાઓની મદદથી

ઉપાડાઈ અને એ માટીથી મુંબઈની ગોદીનું બાંધકામ કર્યું! આમ અંગ્રેજો અને વાડિયા શેઠ પાસેથી ડબલ કમાણી કરી કંપનીને સદ્ધર કરી. મજૂરો અને ગાડા મહારાષ્ટ્રથી લઈ કચ્છમાંથી બોલાવ્યા અને પોતાની કોઠાસુજથી બહુ ઓછા સમયમાં ડુંગર તોડી, ગોદી બનાવવાનું અઘરું કામ પાર પાડ્યું.

**મુંબઈ અને ભારતનાં અનેક બાંધકામો કર્યાં**

તેજુબાપાએ અંગ્રેજોનો વિશ્વાસ જીતી લીધો હતો તો તેમના પુત્ર ખીમજીભાઈએ રજવાડાંઓ સાથે સારો ઘરોબો કેળવ્યો હતો. છોટા ઉદેપુરમાં રાજાનો આલાગ્રાન્ડ મહેલ બાંધ્યો તો સૌરાષ્ટ્રના સાતેક ડેમ બાંધ્યા. ખીમજીભાઈને ઝવેરચંદ મેઘાણી સાથે સારી મિત્રતા હતી. આજની તારીખમાં તેજુકાયા પરિવારની ચોથી પેઢી મુંબઈના વિકાસ માટે કાર્ય કરી રહી છે. તેજુબાપાના પ્રામાણિક અને નિષ્ઠાના મંત્રના પગલે ચાલીને તેમના પૌત્ર પ્રણવભાઈ પણ લાલબાગ, ચિંચપોકલી, માટુંગા ઇત્યાદિ વિસ્તોરોમાં અદ્‌ભુત ટાવરોનું નિર્માણ કરી રહ્યા છે.

લાયન ગૅટ, મુંબઈનું પમ્પિંગ સ્ટેશન, ઇરોઝ થિયેટર, દેવલાલી રેલવેસ્ટેશન, ગ્વાલિયર રેલવેલાઇન, નાગપુર સાયન્સ કૉલેજ, દેવલાલીની નિર્મળાબેન ખીમજી તેજુકાયા (જેમાં કમ્પલસરી ૭૦ ટકા બાલિકાઓને ઍડ્‌મિશન આપવાનો નિયમ બનાવ્યો છે), કસ્ટમ હાઉસ, લાયન ગૅટ, ઉદ્યોગપતિ તાતાનો બંગલો, જબલપુર, દેહુ, મદ્રાસ, દેવલાલી ઇત્યાદિનાં મિલિટરી ટેનામેન્ટ્સ, નાશિક ટંકસાળ ઇત્યાદિ અનેક જાણીતાં બાંધકામ કરીને મુંબઈ અને દેશના વિકાસમાં તેમણે સિંહફાળો આપ્યો છે.

એ જમાનામાં મુંબઈમાં સેલ્ફ કન્ટેઇન ફ્લૅટની પ્રથા શરૂ થઈ નહોતી ત્યારે શ્રીમંતો બંગલામાં અને મધ્યમ વર્ગ તથા મજૂર વર્ગ, મિલ કામદારો ચાલી સિસ્ટમનાં ઘરોમાં રહેતા, તેજુકાયા પરિવારે લાલબાગ, નાગપાડા, માટુંગા ઇત્યાદિમાં ૧૨૦૦ થી વધુ ઘર બાંધી સામાજિક ઉદ્દેશથી મિલમજૂરો અને મધ્યમ વર્ગના લોકોને વિનામૂલ્ય આપી મહિનાનું ભાડું માત્ર ત્રણ રૂપિયા લેવાનું ઠરાવ્યું.

તેજુકાયા પરિવારે ધર્મશાળાથી માંડીને કૉલેજો સુધીનાં અનેક બાંધકામો કર્યાંનું લિસ્ટ હજી ઘણું લાંબું છે. આ પરિવારના સામાજિક પ્રદાનની વાતો ફરીથી અલગ લેખમાં કરવાની ઇચ્છા છે. બહુ પ્રસિદ્ધિમાં નહીં આવેલા તેજુકાયા પરિવારનો મુંબઈનો વિકાસ કરવામાં સિંહફાળો આપનાર લાયજાના તેજુકાયા પરિવારને 'પગદંડી' વતી માનવંદના.

અસ્તુ

- કોડાય

મો: ૯૭૫૭૦૫૮૭૨

# ''પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ : સફળ લગ્નજીવનની વૅક્સિન''

✳ ડૉ. શિરીષ ચુનીલાલ માલદે ✳

તાજેતરમાં જ એશિયાના સૌથી ધનાઢ્ય અંબાણી પરિવારના નબીરાના પ્રી-વેડિંગ કાર્યક્રમોએ જગતભરમાં ખાસી ચર્ચા જગાવી અને આપણા દેશમાં પણ પ્રસાર માધ્યમોને લગભગ એક અઠવાડિયા સુધી સારો મસાલો પૂરો પાડ્યો. વિવાહ સમારોહમાં પ્રી-વેડિંગના કાર્યક્રમો હવે ઘણા પ્રચલિત થતા જાય છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. બજેટ અનુસાર કાર્યક્રમનું સ્વરૂપ પણ બદલાતું રહે છે, પણ આ બધામાં ઊડીને આંખે વળગે એવી એક વાત છે કે વિવિધ સમારંભ અને કાર્યક્રમોને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે તેનું ૧૦% મહત્ત્વ વૈવાહિક જીવનના અને સહજીવનના હાર્દ અને પરસ્પર સહકારનું મહત્ત્વ સમજાવવા માટે આપવામાં આવે તો મોટા ભાગનાં લગ્નોમાં અણબનાવ ઊભા ન થાય. આ પૂર્વતૈયારી એટલે જ 'પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ'.

આ વિષયની મહત્ત્વ અને ગંભીરતા ધ્યાનમાં રાખીને આપણા સમાજની ઘણી સંસ્થાઓ આ બાબતમાં થોડાઘણા પ્રમાણમાં જાગૃત થઈ હતી. ઠેઠ ૨૦૦૩માં 'પગદંડી'ના મે મહિનાની આવૃત્તિ ''લગ્ન પૂર્વે માર્ગદર્શન'' વિશેષાંક તરીકે પ્રગટ થઈ હતી, તેમાં સમજના તત્કાલીન આગેવાનોએ અને મેં પણ આ વિષય પર લેખ પ્રગટ કર્યાં હતા. ત્યાર બાદ ૧ જૂન, ૨૦૦૩ના ક.વી.ઓ. સેવા સમાજે ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા ઘાટકોપરમાં એક આખા દિવસ માટે પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ તથા યુવા પરિચય મેળાવડાનું આયોજન કર્યું હતું.

આજે ૨૧ વર્ષ બાદ પણ આ વિષયમાં આપણો સમાજ જોઈએ તેટલો જાગૃત થયો નથી. સેવા સમાજે MEET (Marriage Enrichment & Empowering Technic) જેવા અભિયાન દ્વારા પ્રી-મૅરેજ કાઉન્સિલિંગને વ્યાપક બનાવવાના પ્રયાસ આદર્યા હતા અને અમુક અંશે સફળ પણ રહ્યા હતા.

ચંદ્રયાનનું એન્જિનિયરિંગ, એશિયન ગૅમ્સમાં ગોલ્ડ મૅડલ હોય કે પછી એવરેસ્ટની ટોચ સર કરવામાં સફળ રહેલો આપણો સમાજ, કેળવણીનાં દરેક ક્ષેત્રમાં ખૂબ ચીવટથી આયોજન કરતો હોય છે, પણ વ્યક્તિના જીવનના લગ્ન જેવા મહત્ત્વના વિષય પ્રત્યે હમેશાં ઉદાસીન જ રહ્યો છે એ આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. કેજી થી પીએચ.ડી સુધી દરેક વિષયમાં કોચિંગ ઉપલબ્ધ છે, રસોઈ કળા અને વિવિધ સ્પોર્ટસ

માટે કોચિંગ ઉપલબ્ધ છે. હૅર સ્ટાઈલ, મહેંદી કે નેઈલ આર્ટ જેવા હુન્નર માટે પણ કલાસીસ ઉપલબ્ધ છે ત્યારે સારા પતિ કે પત્ની કેમ બનવું તેનું પદ્ધતિસર કોચિંગ ક્યાંય મળતું નથી. પબ્લિક સ્પીકિંગના ક્લાસીસ ઘણા મળી રહે છે પણ જીવનસાથી જોડે યોગ્ય સંવાદ (કૉમ્યુનિકેશન) માટે ક્યાંય તાલીમ નથી મળતી. દાંપત્યજીવનના મહાસાગરમાં બંને યુવક અને યુવતી અધકચરી તૈયારી સાથે મુસાફરી શરૂ કરે છે ત્યારે સફર ઘણી પડકારજનક બને છે. પરસ્પર ભરોસો અને સમર્પણની ભાવના હશે તો જ તેમનો પ્રવાસ સફળ થાય છે નહીં તો તેમનો પ્રવાસ નિર્ધારિત મંજિલ સુધી પહોંચતો નથી.

ખ્રિસ્તી સમાજમાં ચર્ચમાં વિવાહના રજિસ્ટ્રેશન તથા વિધિ માટે દરેક યુગલે પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ લેવું ફરજિયાત છે. આ વિષયમાં ખૂબ જ ઊંડાણપૂર્વક બે દિવસના વર્કશોપ અને સેમિનાર દ્વારા પ્રભુતામાં પગલાં પાડતાં દરેક યુગલને ભાવિ લગ્નજીવન માટે સક્ષમ બનાવે છે.

**''લગ્ન : છૂટાછેડા : સામાજિક સમસ્યા''**

આજે લગભગ દરેક સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે. આપણો સમાજ પણ તેમાં બાકાત નથી રહ્યો. ફલાણી વ્યક્તિ ઠીક ન હતી, ઢીંકણાએ એમની પરિસ્થિતિ છુપાવી, અમુકની સાસુ કે સસરા ખરાબ છે, આજની છોકરીઓ ફાટી ગઈ છે એવા આક્ષેપ કરવામાં આવતા હોય છે. આંગળી ચીંધીને નિષ્ફળતાની જવાબદારી બીજા પર નાખી દેવી ખૂબ સરળ છે, પણ આખી સમસ્યાના મૂળ કારણ તરફ જોવાની તસદી કોઈ લેતું નથી. આ માટે જવાબદાર કોણ? છોકરા-છોકરીઓ પોતે કે તેમનાં મા–બાપ?

જવાબ જે પણ હશે તે અર્ધસત્ય હશે, કારણકે ખરું કારણ છે યોગ્ય પાત્ર-સ્થળની પસંદગીના ખોટા માપદંડ અને વિવાહ પ્રત્યે અસ્પષ્ટ અભિગમ, પરસ્પર અપૂરતી માહિતી. ઘરના વાતાવરણમાં અસમાનતા, સંબંધો સાચવવાની તથા ઍડ્જસ્ટમેન્ટ કરવાની વૃત્તિનો અભાવ, કોઈ પણ પૂર્વકલ્પના આપ્યા વગર કરેલી અપેક્ષાઓ પૂરી કરવાનો આગ્રહ, સંપૂર્ણ પરિચય માટે અપૂરતો સમય તથા શૈક્ષણિક, આર્થિક કે આરોગ્ય વિષય બાબતોમાં થયેલી છેતરામણી જેવાં અનેક કારણો વિવાહવિચ્છેદ માટે જવાબદાર હોય છે.

આર્થિક સ્થિતિ સમાન હોય, ગચ્છ - સંપ્રદાય પણ એક જ હોય, કચ્છમાં એક જ ''પટ''માંથી આવતા હોય, મુંબઈમાં રહેઠાણ, પોતીકો ધંધો હોય, વ્હાઈટ કૉલર કૉર્પોરેટ જોબ હોય, કુંડલી પણ મળતી હોય તોપણ લગ્નજીવન યશસ્વી થશે જ એવી કોઈ ગૅરંટી નથી. છતાંય આ બાબતો નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

**''પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ પ્રત્યે ઉદાસીનતા''**

છૂટાછેડાનું પ્રમાણ ઊંચે જવા છતાં ''પ્રિવેન્શન ઈસ બેટર ધેન ક્યોર'' અથવા

''પાણી પહેલાં પાળ'' જેવું કોઈને કેમ સૂઝતું નથી એ નવાઈનો વિષય છે.

માત્ર સંસાર થવો એટલું જ પૂરતું છે કે પછી તેમાં આનંદ, મિત્રતા, સમાનતા જેવા ગુણો વિકસે તે પણ જરૂરી છે? ઘણા કિસ્સાઓમાં એકવાર છૂટા પડ્યા પછી પણ માર્ગદર્શનની જરૂરિયાત લાગતી નથી. છૂટાછેડા હવે પહેલાંની માફક કલંક મનાતા નથી, તેથી ન ફાવ્યું તો છૂટા પડી જઈશું એમ માનવું એટલે 'મેડિક્લેમ છે તો માંદા પડવામાં વાંધો નહીં' એવું છે.

''પાણીમાં ભૂસકો મારો એટલે હાથ હલાવવા જ પડશે. લગ્ન એ શું છે - સંસારરૂપી સમુદ્ર જ ને? અમે પાર કર્યો છે ને તમે પણ કરશો. થોડું પાણી નાક કે મોઢામાં જાય કે પછી શ્વાસ થોડો રૂંધાય તેનાથી જીવ તો નથી જતો ને? આખરે બધા તરી જાય છે'' એવી સુફિયાણી સલાહ ક્યારેક રૂઢિચુસ્ત વ્યક્તિઓ દ્વારા આપવામાં આવે છે. પણ અહીંયાં જો થોડી તરવાની તાલીમ લઈને સમુદ્રમાં ભૂસકો મારીએ તો સમુદ્ર આસાનીથી પાર થઈ જાય છે અને સાથે તરવાનો પણ આનંદ લઈ શકાય છે.

પહેલાંના જમાનામાં તો માત્ર ચંદ્ર અને તારાના સ્થાન પરથી જ માર્ગ શોધીને જગપ્રવાસ થતા હતા, પણ હવે જ્યારે સેટેલાઈટ, ગૂગલ મેપ દ્વારા સચોટ માર્ગદર્શન મળતું હોય ત્યારે આપણો પ્રવાસ સુનિયોજિત અને સુરક્ષિત બની જાય છે. માટે જ બદલતા સમયની સાથે પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ જરૂરી છે.

**''પ્રી-મૅરેજ કાઉન્સિલિંગની જરૂરિયાત''**

આજે દેશ, જાત અને ધર્મ વચ્ચેની રેખાઓ ભૂંસાતી ચાલી છે. છોકરા-છોકરીઓને મળતું શિક્ષણ, સ્વાતંત્ર્યતા, તકો વગેરે કારણોથી એક વિશાળ ફલક બધાને મળે છે. વ્યક્તિઓનું વિચારવૈવિધ્ય અને વિવિધ ઘટનાઓ આજે આપણા જીવન પર પ્રભાવ પાડે છે. આયુષ્ય હવે પહેલાંની જેમ એક જ ચોકડીમાં સીમિત નથી રહેતું. બહાર અનેક ઠેકાણે જીવનસાથી મળવાની કે પસંદ કરવાની તક મળે છે.

છોકરા-છોકરીના ઉછેરમાં ફરક, શિક્ષણ, નોકરી, વ્યવસાય, આર્થિક સ્વાવલંબન, ગ્લોબલાઇઝેશનને લીધે વિસ્તરતી ક્ષિતિજ ગતિશીલ જીવન, કામનો બોજ, સુરક્ષિતતાની ભાવના અને સોશિયલ મીડિયા હોવા છતાં પણ વધતું એકલપણું જેવા વિવિધ ઘટકો લગ્નજીવન પર ઊંડી અસર કરે છે. આ ફેરફારોનો યોગ્ય સામનો કરવા માટે, પડકારોને ઝીલવા માટે અને તેને અનુરૂપ પોતાને ઢાળવા માટે તથા ખાસ કરીને માનસિક અને શારીરિક તાણ સામે મુક્ત બનાવે તેવું સ્વસ્થ, સુંદર અને સશક્ત સહજીવન જીવવા માટે પ્રી-મૅરેજ કાઉન્સિલિંગની જરૂરિયાત ક્યારેય ન હતી એટલી આજે છે.

ભૂખ્યા માણસને અન્ન આપવું એ સહાનુભૂતિ કહેવાય, પણ બીજે દિવસે તે જ સમસ્યા પાછી ઊભી રહે છે. તેને બદલે જો તેને આજીવિકા ઊભી કરવાની તાલીમ આપવામાં આવે તો તેની ભૂખની સમસ્યાનું કાયમી નિરાકરણ થઈ જાય છે એને કાઉન્સિલિંગ કહેવાય

**પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ એટલે વિવાહ પૂર્વ સમુપદેશન**

તે વ્યક્તિને વાસ્તવવાદી બનાવીને આવનારી ઘટનાઓથી અવગત કરાવે છે. પ્રી-મૅરેજ કાઉન્સિલિંગનો સફળ કાર્યક્રમ આ બધા જ મુદ્દાઓને આવરી લે છે. મોટે ભાગે તેને બે હિસ્સામાં વહેંચી શકાય.

પહેલા હિસ્સામાં લગ્નોત્સુક ઉમેદવારો માટે ''સ્વની ઓળખ અને બીજાની પરખ'' તથા નિર્ણય લેવાની ક્ષમતા જેવા વિષયો હોઈ શકે. આ સક્ષમતાને લીધે ઉમેદવારને પોતાનો જીવનસાથી નક્કી કરવામાં ઘણી સુગમતા રહે છે.

બીજા હિસ્સામાં સગપણ થયેલ હોય અને હજી વિવાહ બાકી હોય તેવા ઉમેદવારો અને જેમનાં તાજેતરમાં જ લગ્ન થયા છે તેવા યુગલોનો સમાવેશ કરી શકાય. આ કાર્યક્રમમાં લગ્નજીવનના વિવિધ પાસાં જેવા કે અંગત, કૌટુંબિક, સામાજિક, જાતીય જીવન અને સંતતિ પ્રાપ્તિ જેવા મહત્ત્વના મુદ્દા આવરીને તેમનું લગ્નજીવન સુદ્રઢ બનાવવાની તાલીમનો સમાવેશ કરવામાં આવી શકાય.

**''સફળ લગ્નજીવન માટેની વૅક્સિન''**

જેમ વૅક્સિન લેવાથી તે રોગનો પ્રતિબંધ કરી શકાય અથવા તે રોગની તીવ્રતા સાવ નજીવી કરી શકાય તેવી જ રીતે પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ દ્વારા લગ્નજીવનની સમસ્યાઓ ટાળી શકાય અથવા મતભેદોને આસાનીથી સકારાત્મક રીતે હલ કરી શકાય છે.

પોતાનાં સંતાનોનાં લગ્નજીવન માટે જાગૃત એવાં દરેક માતા-પિતાની ફરજ છે કે તેમનાં લગ્નોત્સુક સંતાનો માટે કેળવણીનો આ મહત્ત્વનો મુદ્દો જરૂર આવરી લે.

સમાજના આગેવાનો સંકોચ છોડીને આ પદ્ધતિનો સ્વીકાર કરીને પ્રી-મૅરેજ કાઉન્સિલિંગને વધુ ને વધુ સ્વીકાર્ય બનાવે. સ્વમાન લગ્ન કરાવી આપનાર બંને મહાજન તેમ જ અન્ય સંસ્થાઓ સ્વમાન લગ્ન કરનાર યુગલ માટે પ્રી-મૅરેજ કાઉન્સિલિંગ ફરજિયાત બનાવે તેવું સૂચન બધાને કરું છું. લગ્નના સમારંભના આયોજનની સાથે તેમના જીવનના આયોજન માટે પણ આ એક અનોખી ભેટ સાબિત થશે.

લિ.

ડૉ. શિરીષ ચુનીલાલ માલદે – ભુજપુર
સેક્સોલૉજિસ્ટ અને મૅરેજ કાઉન્સેલર
(ક.વી.ઓ. કેન્દ્રીય મધ્યસ્થ સમિતિ)

# ભગવાન બુદ્ધ પરિપથ

## ૧૭. લુંબિની : ગૌતમથી બુદ્ધ તરફની યાત્રા



જ્યોતિ જેવત મોતા

*ગતાંકથી આગળ...*

રાત થોડી ને વેશ ઝાઝા જેવો તાલ હતો મારો. સાવ ઓછા સમયમાં મારે જોવાનું હતું આખું લુંબિની. મેં ટુકટુક કરી બધું એના ભરોસે છોડી દીધું. રસ્તામાં જમણી બાજુએ આવતી મોનેસ્ટ્રી, મ્યાનમાર ગોલ્ડન ટેમ્પલ જે ચાલીને જઈ શકાય તેમને મેં આવતી કાલ પર જોવા મૂક્યા અને દૂરનાં સ્થળો પહેલા જોવા લીધા. સૌ પ્રથમ હું પશ્ચિમ દિશામાં આવેલ મંદિરો અને મઠો જોવા નીકળી. જેનાં શિલ્પ અને સ્થાપત્ય મંત્રમુગ્ધ કરી દેનારાં હતાં.

૧) માયાદેવી મંદિર, ૨) વર્લ્ડ પીસ પેગોડા, ૩) રોયલ થાઈ બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, ૪) શ્રીલંકન મોનેસ્ટ્રી, ૫) કંબોડિયન મોનેસ્ટ્રી, ૬) મ્યાનમાર ગોલ્ડન ટેમ્પલ, ૭) ચાઈના ટેમ્પલ (જોંગ હુઆ ચાઈના બુદ્ધિસ્ટ ટેમ્પલ), ૮) કોરિયન ટેમ્પલ, (ડે સુંગ શાક્ય), ૯) લુંબિની મોનાસ્ટિક સાઇટ, ૧૦) ગૌતમી ભિક્ષુણી વિહાર, ૧૧) લુંબિની સંગ્રહાલય, ૧૨) ધર્મસ્વામી મહારાજ બુદ્ધ વિહાર, ૧૩) વિયેતનામ ફૈટ ક્વાક ટુ ટેમ્પલ, ૧૪) ગ્રેટ ડ્રિંગુંગ લોટસ સ્તૂપ ટેમ્પલ, ૧૫) થ્રઆન્ગઉ વજ વિદ્યા મોનેસ્ટ્રી, ૧૬) લુંબિની કેન સેન્ચુરી ૧૭) મનંગ સમાજ સ્તૂપ, ૧૮) તિલોરા કોટ (૨૩ કિમી) ઈત્યાદિ સ્થાનો લુંબિનીની આસપાસ જોવાલાયક સ્થળો છે.

અમે સીધા ત્રણ કિમી આગળ બનાવેલાં બૌદ્ધ મંદિર, વિહાર અને ગોમ્પા જે જલદી બંધ થઈ જવાનાં હતાં તે જોવા આગળ વધ્યાં. અહીંનાં બુદ્ધ મંદિરો શ્રાવસ્તી, કુશીનગર, બોધગયાની જેમ બૌદ્ધ ધાર્મિક પરંપરાઓથી અને પ્રાઇવેટ ટ્રસ્ટ દ્વારા ચાલતાં હોવાથી એમના હિસાબે ખૂલતાં અને બંધ થઈ જતાં હોય છે.

જે દેશો ભગવાન બુદ્ધની શિક્ષાને માને છે તે બધા જ દેશોનાં બુદ્ધ મંદિરો અહીં બનાવવામાં આવ્યાં છે. ફ્રાંસ, કોરિયા, જાપાન, ચીન, મ્યાનમાર, જર્મની, કંબોડિયા, વિયેતનામ, ભારત, નેપાળ ઇત્યાદિ દેશો દ્વારા નિર્મિત પચ્ચીસથી વધુ વિહાર અને મંદિરો અહીં આવેલાં છે. દરેક વિહાર-મંદિર તે તે દેશની વાસ્તુકળા અને સ્થાપત્યકળાને ઉજાગર કરે છે. એમનાં પોતાનાં મંદિરો, વિહારો ગોમ્પા અને મોનેસ્ટ્રી અહીં આવેલાં છે. બુદ્ધ વિહારોની અંદરની ચિત્રકળા અને વાર્તાઓને સોનાની સાહીથી ચિત્રિત કરવામાં

આવ્યાં છે. કેટલાંક મંદિરો કાષ્ઠકળાથી સુશોભિત કરેલાં છે. અહીંના દરેક વિહાર અને આસપાસના વિશાળ પરિસરમાં કોઈ પણ ભીડભાડ કે શોરગૂલ નથી. આ મંદિરો ક્રિયાકાંડરહિત. બેહદ શાંત, સૌમ્ય, સુશોભિત અને સુઘડ દેખાય છે. દરેક શ્રદ્ધાળુઓ આવે, બેસે, પ્રાર્થના, ચેન્ટિંગ, વાચન, અધ્યયન કરે કે ધ્યાનમાં બેસી, ચૂપચાપ આવે અને જતાં રહે. કદાચ એટલે જ આ સ્થાનો ધ્યાનમાં બેસવા માટે ઉત્તમ સ્થાનો છે. અધ્યાત્મપ્રેમીઓ માટે આ સ્થાન ઉત્તમ વિકલ્પ છે. અહીં તેઓ પોતાની મનગમતી પ્રવૃત્તિ કરી શકે છે.

લુંબિની આખું ૪.૮ કિ.મી. (૩ માઈલ)માં સમાહિત છે. જેની પહોળાઈ ૧.૬ કિમી (૧ માઈલ)ની છે. આ આખો વિભાગ પૂર્વથી પશ્ચિમ છેડા સુધી મઠો, વિહારો અને ગોમ્પાથી ઘેરાયલો છે. અહીં કોઈ હોટેલ, દુકાન કે રેસ્ટોરન્ટને સ્થાન નથી. પૂર્વમાં થેરાવાદી મઠ અને પશ્ચિમમાં મહામાયા અને વજ્રયાન મઠ છે. પૂર્વ અને પશ્ચિમ છેડાને અલગ કરતી એક લાંબી પાણીની નહેર છે. જેની વચ્ચેવચ્ચે વળાંકવાળા ઊંચા પુલો બે કિનારાને જોડે છે. પર્યટકો માટે બંને છેડાને જોડતી નૌકાવિહારની સેવા ઉપલબ્ધ છે.

અહીં અતીતના ભગ્નાવશેષો, સ્મારકો, પુરાતત્ત્વીય સ્થળો, હરિયાળી અને શાંતિ અનેક ભિક્ષુઓ, ઉપાસકો, ઇતિહાસકારો અને પુરાતત્ત્વીય વિશેષજ્ઞોને તથા પર્યટકોને આવવા આકર્ષિત કરે છે. લુંબિનીને યુનેસ્કો દ્વારા વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે.

મારું મુખ્ય ગંતવ્ય માયાદેવી લુંબિની વન ભગવાનની જન્મસ્થળી હતું, જેને માટે હું અહીં સુધી આવી હતી. અહીંથી જ બુદ્ધની કથાનો આરંભ થાય છે. બુદ્ધનાં માતા-પિતાનાં નગરોની વચ્ચે આવે છે લુંબિની. સાસરેથી મૈયર જતાં લુંબિનીના ઉદ્યાનમાં માયાદેવીએ વૃક્ષની શાખાને પકડી અને ઊભી અવસ્થામાં સિદ્ધાર્થને જન્મ આપ્યો. દંતકથા કહે છે કે, જન્મ બાદ તુરંત સિદ્ધાર્થ સાત કદમ આગળ વધ્યા અને ત્યાં કમળ પુષ્પો બનતાં ગયાં! આ સૌથી પહેલી ચમત્કારી ઘટના બની કહેવાય છે.

મેં આ જગ્યા જોવાનું સૌથી છેલ્લે રાખ્યું, કેમ કે આ સ્થળ વિપશ્યના કેન્દ્રની બિલકુલ નજદીક હતું, જ્યાં હું ઉતરી હતી. વળી આ સ્થાન મોડી સાંજ સુધી ખુલ્લું રહેતું હોવાથી એને આરામથી જોઈ શકાય અને પાછા સ્વસ્થાને જઇ શકાય એવું હતું. રિક્ષા ચાલકે મને એના દરવાજાએ ઉતારી અને એ સ્થાન કેમ ફરવું તે કહી અને પાછો ફર્યો. આ સ્થાન અંતિમ હોવાથી મેં એને પૈસા આપી છૂટો કર્યો. એની સાથે અડધા દિવસનો અનુભવ સારો રહ્યો.

માયાદેવી મંદિર પરિસર ખૂબ વિશાળ છે એને જોવા ને માણવા સવારે કે સાંજના સમયે જ આવવું જોઈએ. તો જ આ વિશાળ

પરિસર આરામથી જોઈ શકાય અને માણી શકાય. અહીં ધ્યાનમાં બેસવાનું પણ ખૂબ ગમે. આ ઉદ્યાનનું પ્રવેશ શુલ્ક ૪૦ નેપાળી રૂપિયા છે. મેં અહીં ભારતીય ૨૦૦૦ રૂપિયાના નેપાળી રૂપિયા લીધા. અંદર દાખલ થતાં જ ભગવાન બુદ્ધની બાલ્યાવસ્થાની મૂર્તિ અને પરમજ્યોતિ પ્રગટી રહ્યાં હતાં. મારું હૃદય હિલોળે ચઢ્યું. રસ્તાની બંને બાજુએ હરિયાળી અને શાંતિ છવાયેલાં હતાં. ચાલતી ચાલતી હું પહોંચી માયાદેવી પરિસરમાં. આ સ્થાન ઈ.સ. ૧૯૯૭માં વિશ્વ વિરાસત ઘોષિત કરવામાં આવ્યું છે. સંધ્યાનો સમય અનો ઢળતા સૂરજની આભામાં શોભતા સફેદ મંદિરમાં હું પ્રવેશી.

આ ચિરસ્થાયી મંદિર પ્રતીમોક્ષ મંદિર પણ કહેવાય છે, જે મહામાયા દેવીને સમર્પિત છે. અંદર દાખલ થતાં જ લાગે કે કોઈ પુરાતત્ત્વ વિભાગમાં દાખલ થઈ ગયા. લાલ બલુઆ પથ્થરની ઈંટોનો ઢગલો જે ખોદકામ કરતાં મળી આવેલ એને એ જ સ્થિતિમાં મૂકવામાં આવ્યો હતો. વાસ્તવમાં આ મંદિર એક રોચક સ્મારકનો સમૂહ છે. અંદર લાકડાંના સ્ટેજ પર ચાલીનો એ ખોદેલી સાઇટને જોતી રહી. લગભગ બુદ્ધ પુરાતત્ત્વ સાઈટ પર મેં મઠ, સ્તૂપ, કક્ષ, સભામંડપ જોયા છે. અહીં કંઈક અલગ હતું. સ્ટેજ પર એક પથ્થરની શિલા પર માતા માયાદેવીની ગૌતમના જન્મને દર્શાવતી ઊભી આકૃતિ હતી, જ્યાં નાનકડું સ્તૂપ બનાવેલું હતું. કહેવાય છે કે શ્રદ્ધાળુઓ અને ભક્તોના સ્પર્શથી આ શિલા ઘસાઈ ગઈ છે. એક કાંચની પેટીમાં બાળ ગૌતમનાં ચરણોનાં હલકાં નિશાન એક શિલા પર દેખાતાં હતાં. તાર્કિક મન આ વાતો પર વિશ્વાસ ન પણ કરે. આ વાતો શ્રદ્ધા પર નિર્ભર કરે છે. આ શિલાની આસપાસ બધા દેશોના સિક્કાઓ સ્પષ્ટરૂપે દેખાઈ રહ્યા હતા. અહીં વધુ પર્યટકો ન હોવાથી મેં આખો પરિસર ખૂબ આરામથી જોયો. મંદિર પરિસરની બહાર બાજુમાં જ પૃષ્કરણી તળાવ છે, જ્યાં મહામાયાદેવીએ પુત્રજન્મ સમયે સ્નાન કર્યું હતું, એટલે આ તળાવ પવિત્ર મનાય છે. વર્તમાન સમયમાં આ તળાવનું નૂતનીકરણ કરવામાં આવ્યું છે. બાજુમાં એક વિશાળ બોધિવૃક્ષ છે અને બૌદ્ધ મંત્રો લખેલી પતાકાઓની હારમાળાઓ દેખાય છે. નીચે ગોળાકાર વૃક્ષનાં પાટિયાં પર બેસી ધ્યાન-પ્રાર્થના કરી શકાય છે. હું થોડો સમય ધ્યાનમાં બેઠી. ખૂબ શાંતિ અને પ્રસન્નતા સાથે ઊઠી. આસપાસ બૌદ્ધ ભિક્ષુઓ પ્રાર્થના કરી રહ્યા હતા. બાળ ભિક્ષુઓ બુદ્ધ ગ્રંથોમાંથી વાંચી અને એમનું અનુકરણ કરી રહ્યા હતા. બાજુમાં બુદ્ધને સમર્પિત નાનકડું મંદિર પણ છે. એ પવિત્ર પાણીનું અર્ધ્ય માથે ચડાવી હું આગળ વધી. બાજુમાં મન્નત સ્તૂપ જે પહેલી થી ત્રીજી સદીનો હોવાનું મનાય છે અને લોકો ત્યાં ઈચ્છાપૂર્તિ માટે આવે છે. આ સ્થળ એ જ બુદ્ધની જન્મભૂમિ હોવાનું સૌથી વધુ અને સર્વોત્તમ પુરાતત્ત્વ પ્રમાણ છે તે - અશોક સ્તંભ અને શિલાલેખ, જે બાજુમાં જ આવેલાં છે. જેના પર આ સ્થળે

રાજકુમાર સિદ્ધાર્થના જન્મનો ઉલ્લેખ કર્યો છે. આ અશોક સ્તંભની સ્થાપના ઈ.પૂર્વે ૨૪૯માં થઈ હતી. જે બુદ્ધના જન્મ બાદ ૩૦૦ થી ૪૦૦ વર્ષ પછીની ઘટના છે. એમ માની શકાય છે કે મૌખિક પરંપરાઓએ પ્રમુખ સ્થળો ને જીવત રાખ્યાં છે. ડૉક્ટર ફુહરે ઈ.સ. ૧૮૯૬માં અશોક સ્તંભની ખોજ કરી. જો કે ઈ.સ.૧૯૯૦ના આરંભે ખોદકામ કરતાં મળી આવેલ શિલા અવશેષો દ્વારા પુષ્ટિ થઈ ગઈ હતી કે આ જ સ્થળે બુદ્ધનો જન્મ થયો હતો.

અંધારાની ગતિ હવે મને આ સ્થાન છોડવાનો સંકેત આપતી અવનિ પર ઉતરી રહી હતી. શાંતિ અને પવિત્રતાનાં પાવન આંદોલનોને મહેસૂસ કરતી હું બહાર નીકળી. ભગવાનની જન્મભૂમિને નતમસ્તક થઈ ધ્યાન કેન્દ્ર પર પાછી ફરી. ફ્રેશ થઈ ધ્યાનમાં બેઠી અને પછી શિવાભાઈ પાસે આવીને કાલે કઈ જગ્યાએ જઈ શકાય એ પૂછ્યું. એમણે ત્રણ જગ્યા કહી : કપિલવસ્તુ, રામનગર, તિલોરાકોટ કે જ્યાં ભગવાનના રેલીક્સ, પુરાતત્ત્વ વિભાગ અને અર્હંતની ભૂમિ હોવાનું જણાવ્યું, પરંતુ આ સ્થાનો થોડાંક કિ.મી. દૂર હતાં, જ્યાંથી હું બપોર સુધી પાછી ફરી શકું તેવું નહોતું. વળી અંગત સાધન સિવાય ત્યાં જઈ શકાય તેમ નહોતું. મારા માટે એ ખૂબ મોંઘું પડી જાય. આમ પણ હું પચ્ચીસ દિવસ મોડી હતી એટલે ઘણીબધી જગ્યાઓ મને જતી કરવી પડી. મારા માટે હવે આગળ વધવા સિવાય કોઈ વિકલ્પ નહોતો અને આગળનું ગંતવ્ય હતું - ચિતવન વાઇલ્ડ લાઇફ સેંચ્યુરી. ચિતવન જવા માટે ક્યાં સાધનો અને કેટલો સમય લાગશે એ વિશે મેં અહીં આવતાં પહેલાં જ પૂછી લીધું હતું. વહેલી સવારે અને બપોરે બે જ પ્રાઇવેટ બસ ચાલતી હતી. ત્યાં સુધી પહોંચવા ઓછામાં ઓછા સાડા છ કલાક લાગવાના હતાં. સવારના નીકળવું મુશ્કેલ હતું અને સાંજના પહોંચવામાં મોડું થઈ જાય તો વચ્ચે સી.જી. ટેમ્પલની આસપાસ રોકાઈ શકાય તેમ પણ ટ્રાવેલ એજન્ટે કહ્યું.

મારી પાસે કાલની સવાર અને બપોર સુધીનો સમય હતો. એમાં જેટલું ફરી શકી એટલું. આજે અમે બધાં સાધકો રસોડામાં મોમોઝ બનાવવા ગયા. કોર્સ દરમિયાન તો સાધકોને રસોડામાં જવાની મનાઈ હોય છે. અમે શાક સમારવામાં મદદ કરી અને સાથે મળી ભોજન બનાવ્યું. જમ્યા બાદ સૌ પોતપોતાના નિવાસસ્થાને ગયા. મેં પૅકિંગ કર્યું.

**ધમ્મ જનની વિપશ્યના કેન્દ્ર :** આ કેન્દ્ર નેપાળનાં મુખ્ય ધોરી માર્ગથી દોઢ કિલોમીટર અંદર માયાદેવી મંદિરની બિલકુલ બાજુમાં આવેલું છે, નહેરની એક બાજુએ. વૃક્ષોથી આચ્છાદિત સ્થાન પર આ સુંદર કેન્દ્ર શોભી રહ્યું છે. આ કેન્દ્ર પર ભારતીય, નેપાળી અને વિદેશી સાધકોની સાધના માટે લાઈન લાગે છે. આ કેન્દ્ર વિશેની વધુ જાણકારી

વેબસાઈટ પર મળી રહે છે. પૂરા વિશ્વમાં વિપશ્યનાનાં ૩૦૦થી વધુ ધ્યાન કેન્દ્ર બનેલાં છે, જ્યાં નિઃશુલ્ક ધ્યાન સાધના સાધકો માટે ચાલે છે. આખા વિશ્વમાં પૂજ્ય ગુરુજી સત્યનારાયણ ગોયંકા દ્વારા એમની ઓડિયો અને વીડિયો કૅસેટ (દૃશ્ય, શ્રાવ્ય સાધનો) દ્વારા એક જ પદ્ધતિથી વિપશ્યના વિદ્યા શીખવવામાં આવે છે. આ શુદ્ધ ધર્મનાં દ્વાર બધા માટે ખુલ્લાં છે. આ વિદ્યાનો કોઈ પણ પ્રચાર કે પ્રસાર કરવામાં આવતો નથી, પરંતુ ભાગ લેનાર સાધકો દ્વારા જ થાય છે. બધી જ શિબિરોનું આયોજન પહેલા ભાગ લીધેલ સાધકોના શુદ્ધ ચિત્તથી આપેલા અનુદાન દ્વારા થાય છે. પડોશી દેશ બ્રહ્મદેશમાં ગુરુ-શિષ્ય પરંપરાથી ચાલી આવેલ આ શુદ્ધ વિદ્યા, શ્રી સત્યનારાયણ ગોયંકાજીને તેમના ગુરુ શ્રી સયાજી ઊ બા ખીન પાસેથી મળી. એ વિદ્યામાં તેઓ પાક્યા બાદ ગુરુ-આજ્ઞાથી એમણે ભારત આવીને વિદ્યાને પ્રસ્થાપિત કરી અને પછી વિશ્વભરમાં એ વિદ્યા ફેલાઈ. આ વિદ્યાના માધ્યમથી લાખો લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. આજે આ વિદ્યાનો શાસકીય વિભાગો. કેદખાનાં, વિદ્યાલયોમાં તેમ જ બાળકો અને ગર્ભવતી માતાઓ પર સફળ પ્રયોગો ચાલી રહ્યા છે.

ભગવાન બુદ્ધ પ્રત્યેની મારી અનન્ય શ્રદ્ધા અને મુક્તિદાયિની વિપશ્યના વિદ્યાના મહાન સંશોધક ભગવાન સમ્યક સંબુદ્ધની પ્રાણ ચેતના મને અહીં સુધી ખેંચી લાવી. મેં એ પવિત્ર, પુનિત ભૂમિનાં દર્શન કર્યાં. આ ભૂમિ પર વધુ સમય ન રોકાઈ શકી એનો વસવસો જરૂર રહ્યો, પરંતુ આ મુક્તિદાતાની જન્મસ્થલીના રજકણોને મસ્તકે મૂકવાનું સદ્ભાગ્ય તો મળ્યું એનો આનંદ હતો. સવારનાં પાંચ વાગે ઊઠી, ધ્યાનમાં બેઠી નાસ્તો કરવાની ઈચ્છા ન હતી. પાણી અને ફળ સાથે લીધાં. સાત વાગે ફરી એકવાર લુંબિની જોવા નીકળી ગઈ. આજે શાંતિ સ્તૂપ જે પશ્ચિમ છેડે સૌથી છેલ્લે હતું તે જોવું હતું. ગઈકાલે રિક્ષાવાળાએ ત્યાં જવા સાત સો રૂપિયાની માંગ કરી એટલે ન ગઈ. આજે સવારે કોઈ રિક્ષા ન મળી. ગઈકાલે છૂટી ગયેલા મંદિરો જોઈ હું આગળ વધી. નહેરની બંને બાજુની હરિયાળી આંખો અને મનને ઠંડક પહોંચાડી રહી હતી. શાંતિ, સૌમ્યતા અને સુંદરતા ચારેતરફ ફેલાયેલાં હતાં. વચ્ચે વચ્ચે નાનાનાના પોખરોમાં વિધવિધ પ્રકારનાં પંખીઓ ગેલ કરી રહ્યાં હતાં. વૃક્ષો પરથી પક્ષીઓનો કલરવ મધુરતા રેલાવી રહ્યો હતો. ચાલી ચાલીને હવે પગ દુઃખવા લાગ્યા હતા. ગઈકાલે પણ ઘણું ચાલી હતી. વિશ્વશાંતિ પેગોડા જોઈ તરત પાછા ફરવું હતું. બપોરની બસ કોઈ પણ હાલતમાં પકડવી હતી. સારા નસીબે એંસી નેપાળી રૂપિયામાં એક રિક્ષા મળી અને પેગોડાથી એક કિ.મી. પાછળ છોડી જતી રહી. આગળનો રસ્તો જંગલનો અને સૂમસામ હતો. ગઈકાલે વધુ રૂપિયા માંગવાનું કારણ સમજાઈ ગયું. અહીં બસ, ગાડી, દુકાનો અને લોકો

દેખાયાં. આખા લુંબિનીમાં સૌથી વધુ લોકોનો જમાવડો અહીં જ હતો. અહીંથી વિશ્વશાંતિ પેગોડા એક કિમી ચાલીને અંદર જવાનું હતું. દૂરથી જ આ પેગોડાની ભવ્યતા આકર્ષિત કરે એવી હતી. છેલ્લા કેટલાંક મહિનામાં આ પ્રકારના પેગોડા મેં ભારતમાં દરેક બુદ્ધ પરિચય સ્થળોએ જોયેલા જે (જાપાનીસ સરકાર) નિપ્પોનજન મયોજી દ્વારા નિર્મિત કરવામાં આવેલા છે. ભગવાનના (બાલ્યાવસ્થા, સંબોધી પ્રાપ્ત, ઉપદેશક મુદ્રા અને પરીનિર્વાણના) ચાર પ્રસંગોને વર્ણવતી સોનેરી પ્રતિમાઓ અને સફેદ પેગોડા વિશ્વશાંતિના સંદેશ આપે છે. આ સ્તૂપનનું સૌંદર્ય જોવાલાયક છે. થોડીક સીડીઓ ચઢી ઉપરથી આસપાસ જોતા વિશાળ ઘાસના મેદાનમાં, ઉપવનમાં મુક્ત વિહાર કરતાં હરણાંઓ દૃશ્યમાન થયાં અહીંનું અદ્ભુત વાતાવરણ જકડી રાખે એવું હતું. બાજુમાં કમળ પુષ્પોનું નાનું તળાવ સુંદરતાને વધારી રહ્યું હતું. ત્યાં થોડો સમય વિતાવી હું પાછી ફરી અને સંગ્રહાલય પાસે આવી. આ બંને સ્થળો જોવામાં બે-અઢી કલાક સહેજે નીકળી જાય. ગઈકાલે ન આવી એનો ફાયદો એ થયો કે આજે હું આરામથી આ સ્થાન જોઈ શકી. ગઈકાલે જોવા આવી હોત તો હું મંદિરો જોવાનું ચૂકી જાત. અહીં મારા સિવાય કોઈ નહોતું. હું ઊભી થઈ ત્યારે એક ફૅમિલી દેખાઈ. મારા સારા નસીબે એક રિક્ષા મળી અને ત્રીસ નેપાળી રૂપિયામાં સંગ્રહાલય સુધી લઈ ગઈ.

**લુંબિની સંગ્રહાલય:** નહેરની એક બાજુએ લાલ રંગની ઈંટોથી બનેલ એક વિચિત્ર આકારની ઈમારત જે બૌદ્ધ વિહાર જેવી દેખાતી હતી એ જ સંગ્રહાલય હતું. એની ટિકિટ ખરીદવા તળાવની બીજી બાજુએ આવેલી ઈમારત સુધી જવાનું હતું. ઉપવનનો આ ભાગ એટલો પ્રસિદ્ધ ન હોય એવું લાગતું હતું. બધી ભીડ દુકાનો અને ખાવા-પીવાના ઢાબા પર દેખાતી હતી. અહીં કદાચ જ કોઈ આવતું હશે. મને ત્યાં જોઈ ગાર્ડ પણ ખુશ થઈ ગયો. 'કોઈક તો આવ્યું આ સંગ્રહાલય જોવા.' એણે સસ્મિત અભિવાદન કર્યું.

સંગ્રહાલયની ઈમારત બેહદ સુંદર છે. અહીં નાગાર્જુન કોંદાના શિલ્પની પ્રતિકૃતિ રાખેલ છે. આ ઉપરાંત અહીં ધાર્મિક પાંડુ લિપિઓ, ધાતુની મૂર્તિઓ, ટેરા કોટા મૂર્તિઓ, મૌર્ય અને કૃષાણ વંશના સિક્કાઓ, દુનિયાભરની ટિકિટો, સહિત ૧૨૦૦૦ કલાકૃતિઓને પ્રદર્શિત કરવામાં આવી છે. સંગ્રહાલયની સામે સ્થિત ઈમારત લુંબિની ઈન્ટર નૅશનલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ આવેલ છે (LIRI), જે બૌદ્ધ ધર્મ અનો અધ્યયનની શોધ અને સુવિધાઓ પૂરી પાડે છે.

સંગ્રહાલયની શોભા નિહાળી હું દસ વાગે બહાર આવી ગઈ. અહીં કોઈ રિક્ષા ન મળતા તડકામાં ચાલતીચાલતી. પરસેવાથી લથબથ હું નૌકાવિહાર પાસે પહોંચી. ત્યાં પણ કોઈ રિક્ષા ન મળી. હવે ત્રણ કિ.મી. ચાલવાની

હિંમત નહોતી, એટલે ત્યાં થોડી વાર બેઠી અને આઈસક્રીમનો આનંદ લીધો. ત્યાં ઊભેલા ચોકીદારે નાવડીમાં બેસી જઈ બીજા કિનારે ઊતરી જવાની સલાહ આપી. નૈયા ભરાતા બીજો અડધો કલાક નીકળી ગયો. નેપાળી ચાળીસ રૂપિયામાં મેં નૌકાવિહાર કરી બંને બાજુ પથરાયેલાં સૌંદર્યનાં દર્શન કર્યાં. બંને બાજુએ આવેલ મંદિરોનું વિહંગાવલોકન થતું રહ્યું.

હું ખુશ હતી કે બે અડધા દિવસમાં મેં લુંબિનીનાં મુખ્ય દર્શનીય સ્થળો બધાં જોઈ લીધાં. શિવાભાઈનું માર્ગદર્શન કામ આવ્યું. કેન્દ્ર પર પાછી ફરી સામાન લઈ કાર્યાલયમાં આવી. શિવાભાઈએ જમવાનું કહ્યું. લાંબી બસની મુસાફરીમાં હું જમવાનું ટાળતી હોઉં છું, પણ હવે પછી નેપાળમાં મને ક્યાં શાકાહારી ભોજન નસીબ થશે કે કેમ એ પ્રશ્ન હતો. મેં થોડું ખાધું અને થોડું સાથે લઈ લીધું. જે જગ્યાને મારે બે અઠવાડિયાં સુધી માણવી હતી એને બે અડધા દિવસમાં માણી આગળ નીકળવું પડ્યું. લુંબિનીની નાનકડી, પણ યાદગાર સફરની સંદૂક સાથે લઈ હું ફરી એકવાર ટો ટોમાં બેઠી અને નીકળી પડી એક અનોખી મંજિલ તરફ લઈ જતી લાંબી સડક તરફ....

ભગવાન બુદ્ધ પરિપથ લેખમાળા સંપૂર્ણ.

**લુંબિની યાત્રા સંબધી થોડાં સૂચનો**

૧) લુંબિની એ ધાર્મિક સ્થળ હોવાથી અહીં ફરતી વખતે પરંપરાગત શાલીન અને સુઘડ વસ્ત્રો પહેરવા.

૨) લુંબિની નાનકડું ધાર્મિક સ્થળ હોવાથી અહીં ખાવા-પીવાનું કે જળપાન કશું ઉપલબ્ધ નથી. એટલે પાણી અને ફળ કે નાસ્તો સાથે લેવા. આઈસક્રીમ, ભેલ કે પાણીના ઠેલાવાળા ક્યાંક ફરતાં દેખાય.

૩) અહીં યાતાયાતની સુવિધાઓ સીમિત હોવાથી વધુ સમય હોય તો પગે ચાલીને બે-ત્રણ દિવસમાં પૂર્વ અને પશ્ચિમ ફરી શકાય અને નૌકાવિહાર પણ કરી શકાય અથવા એક ટો ટો ભાડે કરી ૭૦૦ નેપાળી રૂપિયામાં પાંચથી છ લોકો સવારથી સાંજ સુધીમાં આખું લુંબિની જોઈ શકે.

૪) લુંબિની એ આખું ઉપવન છે. એને જોવા નૌકાવિહાર ઉત્તમ વિકલ્પ છે, પણ એમાં મંદિરો જોવા વારંવાર ઊતરવું અને ચડવું પડે અને અલગઅલગ પૈસા ચૂકવવા પડે, અથવા બે છેડા જોડતો નૌકાવિહાર કરી શકાય.

૫) પગે ભ્રમણ કરવા સારા, આરામદાયક જૂતા કે પગરખાં સાથે લેવા.

૬) બધાં મંદિર અને સંગ્રહાલયો સવારના નવથી સાંજના પાંચ વાગ્યા સુધી ખુલ્લાં હોય. પછી બંધ થઈ જાય છે અને બપોરે એક થી બે વાગે પણ બંધ હોય છે.

૭) માયાદેવી મંદિર અને સંગ્રહાલયમાં જવા પ્રવેશ શુલ્ક લાગે છે. બાકી ક્યાંય પ્રવેશ શુલ્ક નથી. માયાદેવી મંદિર સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખુલ્લું હોય છે જેને જોવા બે કલાકનો સમય ફાળવવો જરૂરી છે. અડધા દિવસ માટે અહીં આવ્યા હો તો ફક્ત આ મંદિર જ જોઈ શકાય.

૮) જો બે કે ત્રણ દિવસ અથવા એથી વધુ સમય હોય તો સાધકે આ સ્થળ પદવિહાર કરી અને માણવું જોઇએ. આ એક સુકુનભર્યો અને યાદગાર અહેસાસ બની રહેશે.

આ અંતિમ લેખ આપ સુજ્ઞ વાચકો સમક્ષ ધરતા આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ લેખમાળા દરમિયાન મને અનેક વાચકોના ફોન અને મૅસેજ મળ્યા. આપ બધાએ આ લેખમાળાને વાંચી અને વખાણી એ બદલ આપ સૌનો હાર્દિક આભાર.

આપ સૌના અભિપ્રાયો અને અનુભવો મને જાણવા મળ્યા એ મારું સદ્‌ભાગ્ય, જેનો એક જુદો લેખ લખી શકાય.

નાની ખાખર,

**મો.** - ૭૯૭૭૦૧૮૯૬૭.

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

# પગદંડી

અંક : ૦૧ એપ્રિલ ૨૦૨૪

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

**પ્રિય વાચકો,**


આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય ચંદન વિસનજી - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી



આલેખન : ચંદ્રકાન્ત નંદુ

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ. (અમૃતા પ્રીતમની આત્મકથા) મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*પંજાબી સાહિત્યજગતની એ સમયની હીન કક્ષાની ગતિવિધિઓ આપણે જોઈ અને ત્યારથી એક પ્રશ્ન સતત ખટકી રહ્યો છે. માતા સરસ્વતીના ઉપાસકોની અવદશાએ આ ઉપાસકોનો કેવો અધ:પાત કર્યો છે ? કલા હોય, સાહિત્ય હોય, ઉદ્યોગો કે વિજ્ઞાન, કહેવાતા એવૉર્ડો અને પુરસ્કારોની દુનિયામાં આજે પણ શું હાટડી નથી મંડાતી ? પ્રિન્ટ - મીડિયા આજે પણ પ્રભાવી છે અને અહીં કેવાકેવા ખેલ રચાતા હોય છે ? અલબત્ત, બધે દોર તો રાજકારણીઓના હાથમાં જ રહેલો છે અને આ સઘળું વિચારતાં મનમાં ખિન્નતા છવાઈ જાય છે.*

*અમૃતા હવે સાહિત્ય અકાદમીના સદસ્યપદેથી મુક્ત છે. પણ મન એનું ચકડોળે બેઠું છે. એ મહાભારતના યુદ્ધક્ષેત્ર-કુરુક્ષેત્રમાં પહોંચી જાય છે. અમૃતા કહે છે કે, મહાભારતનો એ ઘટના-કાળ વિશિષ્ટ છે જ્યારે યુધિષ્ઠિર રણક્ષેત્ર પાર કરી કૌરવ-સેનામાં પહોંચે છે. એ પોતાના જ આપ્તજનો પાસે યુદ્ધ કરવાની આજ્ઞા માગે છે. યુધિષ્ઠિર ભીષ્મ પિતામહને પ્રણામ કરે છે અને કહે છે:*

'મારે તમારી સાથે યુદ્ધ કરવું છે. યુદ્ધની આજ્ઞા આપો અને વિજયના આશીર્વાદ આપો.'

ભીષ્મ પિતામહ ઉત્તર આપે છે: 'આ યુદ્ધમાં મારું આ શરીર તો દુર્યોધન તરફ જ રહેશે, કારણકે એનું અન્ન ખાધું છે, પણ ધર્મયુક્ત મન તમારી તરફ રહેશે, તમારી મંગલ કામના કરશે, તમારા વિજયની આકાંક્ષા કરશે.'

*અહીં અમૃતાનો સંકેત પંજાબી સાહિત્યવિશ્વના એના સમકાલીનો તરફ જ છે અને જે બની રહ્યું છે એની ઘેરી વેદના અમૃતાની કલમમાંથી વહેતી રહી છે અને અમૃતા કહે છે કે એની જિંદગી એના સમકાલીનો સામેનું યુદ્ધ છે અને એ પાછું કહે છે કે, આ સમકાલીનોની કલમનો એ આદર કરે છે, પરંતુ એની લડાઈ તો સિદ્ધાંતોની લડાઈ છે. એના સમકાલીનોએ સિદ્ધાંતોને નેવે મૂકી કેવળ ઈર્ષ્યા અને અંગત સ્વાર્થનો જ સાથ લીધો છે.*

*અમૃતાએ મહાભારતની એ ઘટનાને પોતાના કથનમાં સાંકળી લીધી છે. યુધિષ્ઠિરે ચારેતરફ ઊભેલી સેનાને આહ્‌વાન આપતા કહ્યું કે જે બહાદુર, યુધિષ્ઠિર સંગાથે એની સેનામાં આવવા ઈચ્છે એનું સ્વાગત છે. ત્યારે દુર્યોધનનો લઘુબંધુ યુયુત્સુ આગળ આવે છે. અને અમૃતા મહાભારતની આ ઘટનાને સાંકળી લેતાં નવા લેખકોને આહ્‌વાન આપતાં કહે છે:*

કે જે કોઈ પણ સિદ્ધાંતોની લડાઈ ઇચ્છે છે, એનું સ્વાગત છે! યુદ્ધ ચાલુ રહેશે- મારા સુધી, મારી પછી પણ અને કેવળ આજની જ નહીં, ભવિષ્યની પેઢીઓમાંથી પણ જે કોઈ, કલમના સત્યનો પક્ષ લેવા ઇચ્છશે, સમય એનું સ્વાગત કરશે.

*પુરાણકથાઓમાં અનેક ચહેરાઓ અજ્ઞાત રહીને કોઈને છેતરતા રહ્યા છે. અમૃતાના જીવનમાં પણ અનેક ચહેરાઓ જેમની પર એણે વિશ્વાસ મૂક્યો અને જેમને માટે એણે આશા રાખેલી એ કેવા છેતરામણા નીકળ્યા!*

*સન્તસિંહ સેખો જેવા વિવેચક જેને વિવેચક તરીકેની જવાબદારી અને ઇમાનદારી જેવા પાયાનાં મૂલ્યો સાથે ક્યારેય કશો સંબંધ જ નથી એવો અમૃતાનો અભિપ્રાય વર્ષોના વીતવા સાથે દઢ થતો ગયો. મોહનસિંહજી જેમને માટે અમૃતાને ખૂબ આદર છે કારણકે મોહનસિંહજી એક ઉમદા કવિ હોવાની સાથે એક નેકદિલ વ્યક્તિ પણ છે, પરંતુ એ એટલા નિર્બળ છે કે સિદ્ધાંતો અને મૂલ્યો માટે એ દઢતાપૂર્વક ઊભા રહી શકે એવા નથી. અમૃતાનો મોહનસિંહજી માટેનો અભિપ્રાય પણ સાચો જ ઠર્યો, પરંતુ*

નવતેજસિંહ અને કર્તારસિંહ દુગ્ગલ વિશે આવું ન બન્યું. એમના પર મૂકેલો વિશ્વાસ અને એમને માટે સેવેલી આશા છેતરામણાં નીકળ્યાં. હરિભજનસિંહ જેવી બળુકી કલમ માટે અમૃતાને આશા હતી, પરંતુ એ ઠગારી નીવડી. એમણે તો પોતાના અનુયાયીઓ પાસે અમૃતા માટે ઊતરતા લેખો લખાવ્યા ને એમાં એક પ્રકારનો છૂપો આનંદ જ લીધો. એમને માટે દુઃખ અને દયાની લાગણી વ્યક્ત કરતાં અમૃતા કહે છે, એક કવિ એની અંદર વસતા કવિને પોતાને હાથે જ મેલાં કરી રહ્યો છે.

ગુરુ ચરણસિંહ ભુલ્લરે અમૃતા અને હરિભજનસિંહના પાત્રને સાંકળી લેતી, સંપૂર્ણપણે જુઠાણાં પર આધારિત એક વાર્તા લખી અને એ વાર્તા પાછી 'પ્રીતલડી' જેવા માસિકના મે, ૧૯૭૩ ના અંકમાં છપાઈ ત્યારે આ તમાશો જોઈને અમૃતાનું મન ખિન્ન થઈ ગયું. 'પ્રીતલડી'નું સંપાદન તો ગુરુ બખ્શસિંહના હાથમાં હતું! અને ગુરુ બખ્શસિંહે એ જ મહિનામાં દિલ્હી વિશ્વવિદ્યાલય દ્વારા અમૃતાને ડી.લિટની માનદ્ પદવી (ડિગ્રી) એનાયત થઈ ત્યારે અમૃતાના અન્ય મિત્રોની જેમ જ એક પત્ર પણ લખ્યો, શુભેચ્છાનો. અમૃતા કહે છે:

મારા સાહિત્યિક જીવનના આરંભનાં વર્ષોમાં મેં ગુરુ બખ્શસિંહજી સાથે આદર્શ જેવો શબ્દ પણ જોડ્યો હતો અને મનના ઊંડા આદરને પણ અને એ સાથે એ આશા પણ કે હવે મૂલ્યો-માનદંડોની રક્ષા એમને શિરે છે. એમના જેવા બુઝુર્ગ હાથ હોય ત્યારે, મારા જેવા નવા સાહિત્યકારોને કાદવ-કીચડથી ભરેલી ગલીઓમાંથી પસાર થવું સરળ થઈ જશે.

સમયના વહેણ સાથે બધું બદલાતું ચાલ્યું, પરંતુ અમૃતાના મનમાં તો ગુરુ બખ્શસિંહજી માટે આદર જ હતો, પરંતુ ઈમરોઝને આ સઘળું ભ્રામક ભાસ્યું જ્યારે 'પ્રીતલડી'માં અમૃતાને ઉતારી પાડતી વાર્તા છપાઈ. એને થયું કદાચ ગુરુ બખ્શસિંહજીએ વાર્તા વાંચી નહીં હોય અને નવતેજસિંહે જ વાર્તાની પસંદગી કરી હશે અને ઇમરોઝે ગુરુ બખ્શસિંહજીને તુરંત એક પત્ર લખ્યો.

'ફક્ત સરદાર ગુરુ બખ્શસિંહજીને!

મેની 'પ્રીતલડી' વાંચી. આશ્ચર્ય થાય છે કે 'કસવટ્ટી' જેવી વાર્તા તમે કેવી રીતે છાપી નાખી, જે વાર્તા તરીકે પણ ખરાબ છે અને જે દાનતથી લખવામાં આવી છે તે પણ ખરાબ છે. આ જુઠ્ઠી વાર્તા છે. આ

પ્રકારની વાર્તાઓથી અમૃતામાં કોઈ અંતર નહીં પડે, પણ જે પત્રિકામાં આવી રચના છપાય છે; એ પત્રિકા વિશે અને એના સંપાદકો વિશેના દૃષ્ટિકોણમાં જરૂર અંતર પડી જાય છે, એમ તો પંજાબીમાં ઘણી પત્રિકાઓ દર મહિને ઘણુંખરું આવી જ રચનાઓ લખીલખીને, છાપીછાપીને કાગળ અને અક્ષરને મેલા કરતી રહે છે. લાગે છે કે તમે આ વાર્તા છાપતાં પહેલાં વાંચી નહીં હોય. અને જો ખરેખર ન વાંચી હોય તો તમે અમારી સાથે ને પોતાની પત્રિકા સાથે ખરાબ કર્યું છે. એક ખરાબ વાર્તાની જેમ. 'પ્રીતલડી'ને ઊતરતી ને સ્કેન્ડલ્સ પત્રિકાઓની હારમાં ઊભી કરીને તમે તમારી પોતાની સાથે પણ સારું નથી કર્યું.

એક ફરિયાદ સાથે, એક માન સાથે-

આપનો ઈમરોઝ

૨૧-૫-૭૩

**હવે થયું એવું કે અવતાર જંડિયાલવીને, જે લંડનથી આવ્યા હતા, તેમને ઈમરોઝને મળવું હતું. અમૃતા પણ ઈમરોઝ સાથે કૉનોટ પ્લેસ જાય છે. અવતાર જંડિયાલવી આવે છે, પણ સાથે હરિભજનસિંહ પણ હતો. ચારેય રૅંબલમાં કૉફી પીવા જાય છે. વાતો કરતાં ઈમરોઝ હરિભજનસિંહને તાકીને કહે છે : 'આ વખતે 'પ્રીતલડી'એ બહુ પ્રેમથી તમારે વિશે વાર્તા છાપી છે.'**

**કેવળ દેખાવ કરતાં, જૂઠ્ઠુ હસતાં હરિભજનસિંહે ઈમરોઝને કહ્યું કે, એ એની વિરુદ્ધ પણ છે. ઈમરોઝે હરિભજનસિંહની સામેલગીરી તરફ ઈશારો કર્યો, ત્યારે એણે નવતેજસિંહને એ માટે જવાબદાર ગણવાની કોશિશ કરી. ભુલ્લર જેવો કલમનિવેશ પણ આવી ખરાબ વાર્તા લખતો થયો એ માટે હરિભજનસિંહ પણ દોષી હતો.**

**ભુલ્લર આવી નિંદારસથી ભરેલી વાર્તા લખતો થયો છે એ વાતે અમૃતા વ્યથિત છે. રૅંબલમાંથી બધા નીકળે છે. ઈમરોઝ અને અમૃતા એકલાં પડતાં હરિભજનસિંહના બેવડા વ્યક્તિત્વનો ભેદ ખૂલી ગયો તેની વાત કરતાં, ભુલ્લર જેવા એક સારા વાર્તાકારને ખોઈ દેવાનું દુઃખ હરિભજનસિંહને જરાયે નથી એથી ખિન્નતા અનુભવે છે.**

**૧૯૬૦માં અમૃતાને ઈમરોઝનો સાથ મળે છે, પરંતુ એ પસંદગીમાં અમૃતા મૂંઝવણ અનુભવી રહી હતી ત્યારે એના જન્મદાતા પિતા, જેમની માટે એ 'દારજી' સંબોધન કરતી એ તો સંસારથી વિરક્ત હતા. ત્યારે ગુરુ બખ્શસિંહજીના ચહેરામાં એણે દારજીને જોયા અને એમને પત્ર લખ્યો.**

'જે હસ્તીને 'દારજી' કહીને બોલાવતી હતી, એ આજે દુનિયામાં નથી. એ સંબોધન આજે તમારે માટે પ્રયોજી રહી છું. તમે એક-બે દિવસ માટે મારી પાસે આવો, હું મૂંઝવણમાં છું,'

**પણ ગુરુ બખ્શસિંહજી ન આવ્યા. ત્યારે અમૃતા કહે છેઃ 'ખેર, મારી ઉદાસીએ જ મને બળ આપ્યું ને હું એકલી જ એ સંકટમાંથી પસાર થઈ ગઈ, પરંતુ અમૃતાએ તો એના બાળપણમાં ગુરુ બખ્શસિંહજીના પ્રભાવને સ્વીકાર્યો હતો. ગુરુ બખ્શસિંહજીના પ્રભાવને કારણે અમૃતાએ એમની તરફથી આવનાર પત્રની રૂપરેખા કંઈક આવી કલ્પી હતી...**

'પ્રિય ઈમરોઝ! મારી 'પ્રીતલડી'માં આવી ફાલતુ વાર્તા છપાવા છતાંય તમારું માન પૂરેપૂરું રહ્યું છે. હું તમારા એ માનને પ્રેમ પાઠવું છું અને જેમ તમને લાગ્યું કે એ વાર્તા છપાયા પહેલાં મેં વાંચી નહીં હોય, એ બરાબર છે. મારા પરનો તમારો વિશ્વાસ સાચો છે. એ વાર્તા મેં વાંચી હોત તો છપાત નહીં.'

***પરંતુ એવું ન બન્યું. એ પત્ર કલ્પનાનાં ફૂલોની જેમ ખીલ્યો અને જે પત્ર આવ્યો એણે કલ્પનાના એ પત્રના દરેક અક્ષરને કરમાવી દીધા. અને અમૃતા કહે છેઃ***

ગુરુ બખ્શસિંહજીએ પોતાની કલમ તરફ પોતાની નિષ્ઠાનો હક અદા ન કર્યો. મારું દુઃખ એ હતું, પેલી વાર્તા મારું દુઃખ નહોતું.

ગુરુ બખ્શસિંહજી તરફથી ઈમરોઝના પત્રનો ઉત્તર આવ્યો. એમના ઉત્તરથી એમને માટેના મારા આદરને પણ એક શરમ આવી ગઈ. એમના પત્રમાં બિલકુલ અફસોસ વગર લખેલું હતું:

'હું કહીશ કે તમે એ વાર્તા ફરીથી વાંચો, એટલે, જાણીજોઈને છાપેલી એ વાર્તા માટે હવે તેઓ કહેતા હતા કે તે અમૃતાની વિરુદ્ધની નથી અને એ વાર્તા ફરી વાંચવાનું સૂચવી રહ્યા હતા.

**અને પંજાબી પ્રેસની આ સ્થિતિ અંગે એની વ્યથા વ્યક્ત કરતાં અમૃતા કહે છે કે, પંજાબી પ્રેસમાં કોઈ પણ ખબર મનફાવે તેમ ઘડી શકાય છે.**

**અને આવું જ કંઈ ૧૯૭૫માં પણ થયું. નાગપુરમાં ૧૯૭૫માં વિશ્વ હિન્દુ સંમેલન થયું હતું. એની વાત હવે પછી.**

*હવે પછી : વિશ્વ હિન્દુ સંમેલન*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ - બાડા**

# પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

### પગદંડી - માર્ચ મહિના અંકનો તંત્રીલેખ

અશ્વિનભાઈ માલદે લિખિત માહિતીસભર લેખ ''તંદુરસ્ત વ્યક્તિત્વ - સમૃદ્ધ સમાજ'' લેખના લાખેણા મુદ્દાઓ - ટૂંકમાં...

૧) વ્યક્તિત્વ અથવા સ્વભાવ - જીવનઘડતરનો એક અહમ્ હિસ્સો છે.

૨) જીવનની સફળતા - પ્રગતિ - પ્રતિભા તમારા વ્યક્તિત્વ પર અવલંબિત છે.

૩) તમારી ખામીઓ ઉપર વધારે વિચાર કરવાનું છોડીને હમેશાં તમારી ખૂબીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરો.

૪) સફળ થવા માટે તમારી નાની-મોટી સિદ્ધિઓને હંમેશાં યાદ કરતા રહો - આત્મવિશ્વાસ સાથે સાહસિક બનો.

મિત્રો... બીજાના મંતવ્ય પર મદાર રાખવાને બદલે તમારી જાતે તમારું વ્યક્તિત્વ નિખારવું પડશે. આ લેખનું વાચન-મનન તમારી કેડી કંડારશે. અતિ ઉપયોગી - દમદાર લેખ માટે અશ્વિનભાઈને હાર્દિક અભિનંદન.

લિ. **જયંતી વી. ગોગરી**
ભુજપુર - ઘાટકોપર (ઈસ્ટ)
મો.: ૯૯૬૭૨ ૮૬૨૦૮

### પગદંડી અંક માર્ચ, ૨૦૨૪

❂ પગમેં ભમરીમાં અધા પોતાની નહીં પણ પરની પણ સેવાની વાત લઇ આવ્યા છે. ડૉ. અભિજિત સોનાવણેની સેવાની કહાણી. અર્થની પ્રાપ્તિ અને મહત્તા જાણી-માણી લીધા પછી પણ મનના ખૂણે દબાયેલી સેવાની ધગશ પ્રકટે છે અને ડૉક્ટરસાહેબ બધું ઐશ્વર્ય છોડીને સેવાના માર્ગે લાગી ગયા. આવા માનવતાના મસીહાને 'સો-સો સલામ'. આ કર્તવ્યમાં એમનાં ધર્મપત્નીનો પણ ફાળો નાનો-સૂનો નથી, એમને પણ હૃદયપૂર્વક ધન્યવાદ.

❂ શ્રી સંજયભાઈ નવી વાત લઈ આવ્યા છે ''ઈટ્સ ઓ.કે.'' હમણાંના તાણ-ભરેલા સ્પર્ધાના યુગમાં નાસીપાસ થઈ જતા યુવાનો છેવટે આપઘાતનો માર્ગ અપનાવી લે છે. એનું મુખ્ય કારણ છે કે તેઓ પોતના દુઃખને બીજા સાથે વહેંચતા નથી. જેથી બીજાને એમના દુઃખની જાણ થતી નથી. આવા સમયે ખભે હાથ મૂકીને કોઈ કહેનારૂં મળી જાય 'ઈટ્સ ઓ કે' તો શક્ય છે કે એ યુવાન પોતાના વિચારોથી પાછો જ ફરે. મારો દીકરોએન્જિનિયરિંગના બીજા સત્રમાં કોઈ વિષયમાં નબળો રહી ગયો અને એને ATKT આવી. એ ખૂબ ગભરાઇ ગયો હતો, નિરાશ થઈ ગયો

હતો. હું પણ હચમચી ગયો, પણ પછી મનને દ્રઢ કરી એના ખભે હાથ મૂકી કહ્યું કે, ATKT જ છે ને વર્ષ તો નથી બગડ્યું ને, હવે વધુ મહેનત કરી આપણે પાસ થઈ જઈશું અને એ હિંમતમાં આવી ગયો. એ પછી તો બધી પરીક્ષાઓ એ સારા માકર્સથી પાસ થઈ ગયો.

- શ્રી વસંતભાઈ મારુ ફરી એક સેવાભાવી ડૉક્ટર શ્રી મોરારજીબાપાની વાત લઈ આવ્યા છે. એ સમયમાં કચ્છમાં ડૉક્ટરો હતા, પણ તેઓ અણીના સમયે દરદી સુધી પહોંચી જતા અને એમના દુઃખ દૂર કરતા, અમારા પાંચાડામાં શ્રી રમણીક ડૉક્ટરનું નામ પણ આદરપૂર્વક લેવાય છે. ડૉક્ટરસાહેબને વંદન.

- શ્રી દામજીભાઈ સાવલા 'પગદંડીને પત્ર'માં સાધુ - સાધ્વી - ભગવંતોએ આધુનિક સુવિધાઓનો ઉપયોગ કરી આધુનિક સમાજમાં ભળવું જોઈએ એવો મત વ્યક્ત કર્યો છે. હવેના સમયમાં સમયાનુસાર અમુક સુવિધાઓ સાધુ- ભગવંતો વાપરવા માંડ્યા છે.

  પણ મારા મતે એમના માટે જે નીતિ-નિયમો બનાવવામાં આવ્યા છે એનું યોગ્ય પાલન કરી સાધુ-સાધ્વી–ભગવંતો એ પોતાની મહત્તા જાળવવી જોઈએ અને જે પણ ક્રિયાઓ એમના માટે નિશ્ચિત કરવામાં આવી છે એનું દૃઢતાથી પાલન કરવું જોઈએ.

જયંત ગણશી જાગાણી
માપર (સોલાપુર)

**''ઈટ્સ ઓ.કે.''**

પગદંડીના માર્ચના અંકમાં સી.એ. સંજયભાઈ છેડાનો લેખ ''ઈટ્સ ઓ.કે.''ખૂબ મજાનો છે. મનનીય છે.

સંજયભાઈ લખતા રહો.

**- ગુલાબ દેઢિયા**

---

## પગદંડી માર્ચ, ૨૦૨૪ - અંક

### લેખ - પગ મેં ભમરી

ડૉ. અભિજિત સોનાવણે જેમણે શૂન્યમાંથી સર્જન કરી ભિક્ષુક દાદાનું ઋણ અદા કરવા ખાતર વાર્ષિક દોઢ કરોડની ઑફર જતી કરી, ફૂટપાથ પર ખુલ્લામાં દવાખાનું શરૂ કર્યું. તેમનાં ધર્મપત્ની ડૉ. મનીષાએ પતિની દયાનીતિને સહજતાથી વધાવી લીધી.

હંમેશની જેમ 'પગ મેં ભમરી'ના લેખક લીલાધર માણેક ગડાએ એક નવી પ્રતિભા, માણસાઈ અને પરોપકારનાં દર્શન કરાવ્યાં

**લેખ - ''ઈટ્સ ઓકે''**

''ઈટ્સ ઓકે'' આ શોર્ટ ઍન્ડ સ્વીટ શબ્દોનો ઉપયોગ વાચીને, સમજીને શબ્દોની ઊંડાઈ અને અસરકારકતા નજર સમક્ષ ઊપસી આવે છે. આજે દરેક ક્ષેત્રની ગળાકાપ સ્પર્ધા સમાન છે, ત્યાં આ ચમત્કારી શબ્દો રણમાં વીરડી સમાન બની રહેશે. લેખક શ્રી સંજય ચંદન વિસનજીને શુભેચ્છા.

લિ. સિમ્પલ નિકેન સાવલા, વાંકી
મો. : ૯૯૨૦૭૭૫૧૪૯

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**



મિઠા,

પાં કાનેંમંતર વિગરજેં કચ્છી શબ્દેંજી પાંજી ધોંડમેં ઘણો ઈંગીયા પુજી વ્યા અયૂં. ગે મણોં પાં વઢ જા ત્રે અડથ ૧) કાપણી ૨) કાપો ને ૩) વાઢવાની ક્ષમતા નેર્યા. રૂઢિપ્રયોગ મેં પાં આંધરે વઢજી ગાલ કિઈ ત પત્રીવારેં લાલજીભા ગાલા જો દહીંસરનૂં સંદેશો આયો! ''નંઢા વા તૅર ખેતરમેં ગના ખાઈંધો વઢ યે ત મથે'' મૂત્રચિકિત્સા કરીંધાવાસીં જેંસે ઘા ન પચે. કચ્છીમેં કંજૂસ માડૂલા ચોંવાજે - ઈ ત વઢતેં મુતરેં એડો નાંય! અર્થાત્ તુચ્છ એવું મૂત્ર પણ નકામું જવા દે એવો નથી તો દાન શું આપશે'' લાલજીભાજી ભાસા લા સિક ને પ્રતિક્રિયા કાબિલે દાદ આય!

પાં વઢનૂં ઈંગીયા નજર વિજોંત 'વણ' ડિસજે તો!

૧) વણ પુ. વૃક્ષ, ઝાડ (m) tree
(વાક્ય) ઈ ત ઍડો જોરાવર આય જ વણ વણ વેરી કઈ વિઠો આય.

૨) વણકર પું. વણકર, કપડાં વણવાનું કામ કરનાર (m) Weaver
(વાક્ય) કચ્છ જા મારાવાડા મેઘવાળ વણકર તરીકે પ્રખ્યાત અઈં.

૩) વણાજ પું. વ્યાપાર, (m) Trade
(વાક્ય) ઈનીજા વડવા ધરીયાપારજો વેપાર - વણાજ કઈંધાવા.

૪) વણાજ પું. વાંસનો દંડ (m) Bamboo
(વાક્ય) ''હી અડણાજે વિચમેં વણાજ કૅડો ખોડ્યાં અયાં?''

**પનપટીઃ** અજ જી પાંજી ભાસામેં વણ, વણાજ ઈ શબ્દ હાણે સુણેલા નતા મિલેં, કીંક ભાસા ઘસાણી, કીંક પાંજી ધુનીયાં ભધલાણી.

કચ્છીમેં હિકડો રૂઢિપ્રયોગ અજ પણ હલે તો, ''વણાજ વ્યારણૂં'' એટલે કે તકલીફ થાય, મુશ્કેલી સર્જાય એવું કામ કરવું. ભાષાના જે શબ્દો અભિધાત્મક અર્થમાં ભૂલાઈ ગયા હોય તે પણ એના લાક્ષણિક અર્થમાં રૂઢિપ્રયોગોમાં અકબંધ રહી જાય છે. ભૂસ્તરશાસ્ત્રમાં પ્રાણીઓના જૂના અવશેષો મળી આવે તેમ મળી આવતા આ શબ્દો - પ્રયોગ ભાષાના ઈતિહાસને કેવા સાચવીને બેઠા છે?!

ભલેં તડેં તેડો ફોન કજા !

વિશન - ૯૮૨૦૪૫૬૮૯૯

## 'જગને જંજીરની જરૂરત'

(નોંધ : જંજીર એટલે સાંકળ નહીં પણ બોંબની તપાસ કરતો એક વફાદાર પોલીસનો કૂતરો)

પકડવા પાપીના પાપને, જ્યાં અટકે એનો શ્વાસ.
ત્યાં સમજો 'જંજીર'ને આવે, માણસના ગુનાની વાસ!

ભ્રષ્ટાચારના ભૂખ મરામાં, ભટકે જીવતી લાશ.
અત્યાચાર અજવાળે જુઓ, આતંકનો ઉજાશ!

જ્યાં બોંબ ધડાકાની અફવાનો, રોજ પડે છે ત્રાસ.
ત્યાં જીવનની એક જ્યોત બની છે, 'જંજીર' તારી આસ!

આ કેવી વિજ્ઞાની સદી? જે આવી રહી છે પાસ.
કે માણસના ગુના શોધવા માણસ, પાળે જનાવર ખાસ!

માણસના લોહીથી માણસની, ન બૂઝી શકી છે પ્યાસ.
'જંજીર' જાણે શે કરવો, આવા માણસનો વિશ્વાસ !

'પ્રેમ' જનાવરના પણ જન્મથી, હું નથી કદી નિરાશ.
ઉપકાર પ્રભુ કે માણસનો, મને જન્મ આપ્યો હાશ!

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

• • • • • • • • • • • • • • • • • • • • • • • • •

ખનૂ ખણીને ઠલી ખૂમારી મ વતાય,
કઈક ખનોંજા ખળધલ ખપી વ્યા.
જીયણ મ વિઝાય ખોટે ઈન જોસમેં
હિતે કઈક જૉરાતા જોધા જુરી પ્યા.

**'અગમ'**

અંભીલ ગુલાલ રડ ડિસાં ઈંજી અખીયેંમેં,
નેણાં મટાકાઈંધી લિકાં પિઈ મુઈ સખીયેંમે.

**બાલજી બળગા 'સનમ'**

## 'મન' કચ્છી ગીતઃ હોરી

દૂહો:
હે... હે... ઢોલજે નાધે,
સૂર તાલ ગજાઈંધે
અબીલ ગુલાલ ઉડાઈ ઉડાઈંધે
છોરી અજ ચિતમેં ચોડી ને
રમબો અજ હોરી, રમાઈબો રે હોરી...
હે... એ... સર... ર...રરરર

Male :
હે ફગણ ઉથ્યો અજ મોરી,
ગોરી અજ રમ હોરી,

Female:
લાલ પાગે સાયભો નવાભી, સાંવરીયો રમાંય હોરી
હે... ફગણ ઉથ્યો

Male :
ન હલંધો કોય બાનૂં ગોરી,
કસર કઢીઆં બાં તોજી મોડી
ભાંગ પીધે આવઈ ટોરી,
ગોરી અજ રમ હોરી
હે.. ફગણ ઉથ્યો

Female :
પ્રેમ પાવો લુભાય, આઊં ભોરી !
સાંવરીયો થ્યો હઠીલો લેરી
સરમ સે કંજરી થિઈ સૉડી,
સાંવરીયો રમાંય હોરી
હે... ફગણ ઉથ્યો

Male :
ધિલજે હટમેં સુલગઈ ભારી,
નીલે રડજી હારે પિચકારી
અડ ભિજંધે 'મન' બાવરી
ગોરી અજ રમ હોરી
હે... ફગણ ઉથ્યો

**મનીષા અજય વીરા 'મન'**

દર્પણ મારાથી મારી ઓળખ માંગે,
બીજું કંઈ તું બને ન બને પણ,
માણસ તું માનવી સારો બનજે.

લોકોની નજરમાં ઊતરી જઈશ
એ મંજૂર છે મને,
પણ મારી પોતાની નજરમાં
ઊતરી જઈશ,
એ કદાપિ મંજૂર નથી મને.

નંબર વનની રેસમાં નહીં જીતીશ
એ ચાલશે મને,
પણ દર્પણ સામે ઊભો રહી
મારી આંખોમાં આંખ મેળવી શકું
ને એવા માનવી બનવું છે મને.

તકતી પર નામ નહીં આવે ને
તો ચાલશે મને,
પણ કોઈ જરૂરતમંદ વ્યક્તિ
મને મારા નામથી યાદ કરશેને
તેમાં હું મારી શ્રીમંતાઈ માનીશ.

મોટા મંચ પર દીપ નહીં પ્રગટાવીશ
તો ચાલશે મને,
પણ જો લોકોના જીવનમાં
દીવો બની પ્રકાશ પાડી શકું ને
તો મને મારું જીવન સફળ થયું લાગશે.

દર્પણ મારાથી મારી ઓળખ માંગે,
બીજું કઈ તું બને ન બને પણ,
માણસ તું માનવી સારો બનજે.
માણસ તું માનવી સારો બનજે.

**શિલ્પી - મો.: ૯૮૧૯૬ ૬૨૪૦૪**

## ફાગણ આયો

આયો રે, આયો રે, ફાગણ આયો રે,
કોકિલ પંચમ ગાયો રે,
રંગ કરામત લાયો, કેસૂડો વનવન છાયો,
આયો રે ફાગણ આયો...

રોમ રોમ પર ખુમાર છવાયો,
જોબન પ્રીત રંગે રંગાયો,
ચંદન ખુશબૂથી સવાયો,
મધુકર બાવરો ગુનગુનાયો.

આયો રે આયો રે ફાગણ આયો રે,
રંગ કરામત લાયો રે.

રંગ જાંબૂડી છૂંદણાં ત્રોફાવી,
વસંત શીત-મધૂરા વાયરા લાવી,
હૂંફાળા સૂર્યકિરણો વરસાવી,
ગુલમહોરી ગુલાલ ઉડાયો રે.

આયો રે આયો રે ફાગણ આયો રે,
રંગ કરામત લાયો રે.

**- ભાનુબેન સાવલા**

## કચ્છી ભાસા ''રઙીત'' ભાસા

ઙ સેં ભન્યો રઙ. રઙે સે પૂરઈ રઙોડ઼ી.
રઙોડ઼ી સેં સજાયો અઙણ
અઙે કે સિણગાર!
હથે પેર ખાસા કઙણ.
કઙણજે જિણકારસેં વિઠા છાય જઙણ
સાગ ભનાયો મુઙેજો ને મથા આવઈ મઙણ.
ધનતેરસજો પિરભ આયો રઙણા ઢગેં જા સિઙ.
મેમાણે કે ખીંકારીધે પુછો ચઙાઈ-ભલાઈ!
એડ઼ી મૂંજી મિઠડ઼ી કચ્છી કુછણીમેં સવાઈ!!

**- દિવ્યા દેઢિયા 'દિવ્ય'**

# અક્ષત કંકુ

અજાણી ભાષા પ્રેમની ઉકેલવા બેઠો છું,
શાહી વિનાની કલમ હાથમાં લઈને બેઠો છું,

નીઃશબ્દ, નીરવ, તિમિર શાંત રજનીએ,
પ્રણય નિનાદનો તેજ ઢોલ લઈને બેઠો છું,

થઈ ગયું છે શૂન્ય મસ્તક દિલ અને દિમાગ,
અગણિત લાગણીઓનો લિબાસ લઈને બેઠો છું,

ક્યારે આવી પાનખર, ક્યારે આવી ફાગણ ?શી ખબર,
મારા ભીતરે આખે આખી વસંત લઈને બેઠો છું,

મન મરકટ જુએ 'નેહ' સપનાઓના તાણાવાણા,
મારા હાથમાં હું ક્યારનો અક્ષત કંકુ લઈને બેઠો છું.

**- નેહા શાહ 'નેહ'**

# માયા

સચ્ચોં કે કો સુણે ન-તો,
અજ ખોટેંજી માયા;
કો કેંજો મોં ન નેઆરે,
આય ફોટેંજી માયા.

# સુખીઆ-ડુખીઆ

સુખીઆ થોડા સંસાર મેં,
ડુખીઆ પેઆ અંઈ ગચ;
કિતક-કિતક જ્યોતિયું બરેં,
ભાકી બરેં તા મચ.

# રુગા રૂંગા

ધન વારા ધીંગા વેં,
ગરીભે વટ ચીંગા વેં;
ભીખારી જી હાલત એડી,
જેં વટ રુગા રૂંગા વેં.

**- કવિ 'તેજ'**

# અસાંજો કચ્છ

કચ્છ અસાંજી ભોમકા તેંકે ભુલોં કીં ભણી–ભણી;
રણ ડુંગર ને ધરીએજા અસીં ધિલધાર અંઈયું ધણી-ધણી.

જોગી વિઠા હિતે સાધનામેં ધુખાયોં ધુણી-ધુણી;
સાધુએંજી સંગતેં થેઆ વેરાગી શ્રાવક સુણી-સુણી.

ભોમકા મથે કઈ આફતું ભલેં પેઈયું છણી-છણી;
ઝારે જેડા જુધ્ધ થેઆ, તેંકે ડિનો ન મુડી -મુડી.

ભોમકાજે ભાગમેં વેઆ જાડેજા જુડી-જુડી;
રૈયથ મથે ઈની રાજ કેઓં ખાંખત સેં ખરી-ખરી.

વિડેસ વસેં જુકો કચ્છીડા, તેમેં કચ્છડો કણી-કણી
ઉત પણ ઈ ચેંતા ચોખો, અસીં કચ્છજા ધણી–ધણી.

અજ વિકાસજે નાલે વિનાસ પુજબો લડી-લડી;
સીમાડો વેરાણ થીએતો જીવ મરેંતા ચુડી-ચુડી.

વખાણ કાછેજા કિતરા કરીયું, પુછો હીયેંકે હણી - હણી;
ખમતીધર ઈન ભોમકા કે, ખમાં - ખમાં ઘણી-ઘણી.

**- કવિ 'તેજ'**

# ગોઠ

ગોઠ ચડી વેઓ સેરજી સંગતેં,
તડેં સિકલ પિંઢજી વિઞાય વિઠો;
સંગતજી અસર કેડી વે 'તેજ',
ઈ પિંઢજી નસલ વિઞાય વિઠો.

# સેવા

સમાજ જી ભલે સેવા કઈજા,
મોભી થીજા પણ માયાડુ થીજા;
ડુબી કો ઘરધી આસરે અચેં તાં
છતર થીજા પણ છાયાડુ થીજા.

**- કવિ 'તેજ'**

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૧૬ માર્ચ ૨૦૨૪ (માનદ મંત્રીઓ)

✤ **વૈદ્યકીય રાહત યોજના :**

૩ મહિનામાં ગામ ત્રગડી, નવાવાસ, ડેપા (૪), મોટા આસંબિયા (૨), ચૂનડી (૩), પુનડી (૨), બારોઈ, મોટી ઉનડોઠ (૨), નાગ્રેચા, કપાયા, દેશલપુર, પત્રી, બિદડા (૨), કોટડી મહાદેવપુરી (૩), કાંડાગરા, મુંદ્રા, મોટી રાયણ, નાંગલપુર (૨), બેરાજા, સણોસરા, ભુજપુર (૩), લુણી, મોટી ખાખર, ભોજાય, છસરા (૨), કોડાય, ફરાદી (૨), ભોરારા, ચાંગડાઈ, મોખા, એમ કુલ ૪૨ જરૂરિયાતમંદ વ્યક્તિઓને મેડિક્લેમ ઉપરાંત વધારાના વૈદ્યકીય ખર્ચ માટે કુલ રૂ. ૭,૯૩,૦૦૦/-ની સહાય અને કપાયા અને ચૂનડી ગામની બે વ્યક્તિઓને વધુ વૈદ્યકીય ખર્ચ પેટે રૂ.૧,૫૦,૦૦૦/- લોન આપવામાં આવેલ.

✤ **સ્ત્રીઉત્કર્ષ યોજના :-**

આ યોજનામાં માસ દરમ્યાન ગામ લાયજા, કોટડી મહાદેવપુરની કુલ ૩ બહેનોને રૂ. ૩,૨૫,૦૦૦/-ની લોન ગૃહઉદ્યોગ કરવા અને વિકસાવવા માટે આપવામાં આવેલ.

✤ **રહેઠાણ યોજના :-**

આ યોજનામાં ગામ મોટા આસંબિયા, વડાલા અને કાંડાગરાના કુલ ૩ વ્યકિતઓને પોતિકાના રહેઠાણ માટે રૂ.૧૨,૦૦,૦૦૦/-ની રકમની લોન વિતરણ કરવામાં આવેલ.

✤ **કૉમ્પ્યુટર લોન :-**

ઉચ્ચ અભ્યાસાર્થે કૉમ્પ્યુટરના માધ્યમથી અભ્યાસ કરી શકે માટે ગામ ગોધરા અને શેરડીના કુલ બે વિદ્યાર્થીઓને કૉમ્પ્યુટર ખરીદવા રૂા. ૭૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે ત્રણ વિદ્યાર્થીઓને રૂા. ૪,૮૦,૦૦૦/-ની લોન અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસાર્થે જતા ચાર વિદ્યાર્થીઓને રૂા.૮,૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **બુકબૅંક :-**

દર મહિનાના પહેલા અથવા બીજા રવિવારે સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન દરેક ધોરણોનાં પુસ્તકોની આપ-લે માટે ફક્ત સેવા સમાજ કાર્યાલય પર બુકબૅંક ખુલ્લી રાખવામાં આવેલ હતી.

**✤ શૈક્ષણિક કાર્યક્રમ :**

વિદેશ જતા વિદ્યાર્થીઓને ત્યાંના રહેઠાણ માટે, લોન - અભ્યાસ માટે, યુનિવર્સિટી વગેરે બાબત માર્ગદર્શન માટે એક સેમિનાર રવિવાર, તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેલબાઈ સભાગૃહ, માટુંગા (સે.રે.) ખાતે યોજવામાં આવેલ. આ સેમિનારમાં વિદેશ જવા ઈચ્છુક કુલ ૯૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

સ્પીકર તરીકે સાગર બીના બિપીન વિકમાણી (બાડા-સાયન), જીત કલ્પના ચંદ્રકાંત રાંભિયા (ગુંદાલા-બોરીવલી), સાક્ષી રીટા પ્રિતેશ હરિયા (શેરડી-માટુંગા)એ પોતાનાં મંતવ્યો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ.

**✤ શૈક્ષણિક સન્માન સમારંભ :**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ આયોજિત છેડા જ્વેલરી માર્ટ (મુંબઈ-૩) અને છેડા જ્વેલ્સ (દાદર ટીટી) પ્રાયોજિત આ કાર્યક્રમ શનિવાર, તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના ચિંચપોકલી મહાજન વાડી ખાતે સુંદર રીતે પરીપૂર્ણ થયેલ. આ કાર્યક્રમમાં પોતાના ક્ષેત્રમાં શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરનાર ૧૦૭ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

સમારંભના પ્રમુખ શ્રી પન્નાલાલ ખીમજી છેડા (કુંદરોડી), મુખ્ય મહેમાન : સૉલિસિટર ધીરેન રંજન હેમેન્દ્ર નંદુ (મુંદ્રા-સાયન) અને અતિથિવિશેષ કુ. અદિતી નીશા મયુર ગાલા (નરેડી-માટુંગા)એ પદ શોભાવેલ.

**✤ શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ :**

દાતાશ્રીઓના સહકારથી આ વર્ષે પોતાના ક્ષેત્રમાં અવ્વલ આવનાર કુલ ૩૦ વિદ્યાર્થીઓને એવૉર્ડ/પારિતોષિક અને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

**✤ પેરેન્ટિંગ સેમિનાર :**

બાળકોના વિકાસના વિવિધ તબક્કામાં બાળઉછેરમાં ઘણા પડકાર આવતા હોય છે. બાળકોમાં વય અનુસાર થતા ફેરફારને યોગ્ય રીતે સમજવા અને ફેરફાર અનુસાર બાળક સાથે વાલીઓએ કઈ રીતે વર્તવું, બાળઉછેર બોજ ન બનતા નૈસર્ગિક કઈ રીતે થઈ શકે, આ બાબત માર્ગદર્શન મેળવવા સેવા સમાજ કાઉન્સેલિંગ સમિતિ દ્વારા પેરેન્ટિંગ સેમિનારનું આયોજન કરે છે.

તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૪ના ઘાટકોપર ખાતે યોજવામાં આવેલ સેમિનારમાં કાઉન્સેલર તરીકે ડૉ. પરિંદા કેનિયા પધારેલ.

તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ક.વી.ઓ. જૈન મહાજન બોરીવલીનાં સહયોગથી બોરીવલી ખાતે અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ શ્રી ગોરેગામ ક.વી.ઓ. જૈન પ્રગતિ મંડળના સહયોગથી ગોરેગામ ખાતે યોજાયેલ આ સેમિનારમાં કાંઉન્સેલર તરીકે શ્રીમતી

શીતલ ગોગરી અને દરેક કાર્યક્રમમાં ગૅમ થેરાપિસ્ટ તરીકે મિતલ સાલિયા પધારેલ.

✤ **કચ્છી વૉલીબૉલ ચૅમ્પિયનશિપ (KVC):**

**IPL** ફોર્મેટમાં રમાતી આ ટૂર્નામેન્ટમાં વર્ષ ૨૦૨૪માં આ વર્ષે ૧૦ ટીમોએ ભાગ લીધેલ. આ ટૂર્નામેન્ટ તા. ૪ જાન્યુઆરીના રોજ અને ફાઈનલ તા. ૧૧ જાન્યુઆરીના રોજ માટુંગા બોર્ડિંગ સંચાલિત પેવેલિયન ગ્રાઉન્ડ, કિંગ્ઝસર્કલ ખાતે યોજાઈ.

મુખ્ય દાતાઃ **ગાલા સ્પ્રિંગ્સના અ.સૌ. તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા)**

✤ **''નવનીત કપ'' ક્રિકેટ ટૂર્નામેન્ટ :**

''નવનીત કપ'' - કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ વર્ષ ૨૦૨૩-'૨૪માં કુલ ૨૦૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ. આ ટૂર્નામેન્ટ T-20 ગ્રુપ, ગામ ગ્રુપ, જનરલ ગ્રુપ, મહિલા ગ્રુપ અને મિડ-ડે કપ આ રીતે યોજાય છે.

દરેક વિભાગની ફાઈનલ ફાતિમા ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર ખાતે યોજાયેલ.

**T-20 વિભાગ :** ૪૭ ટીમોએ ભાગ લીધેલ. એલાઈટ અને પ્લેટ એમ બે ગ્રુપમાં વિભાજિત કરવામાં આવેલ. ફાઈનલ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાઈ જેમાં એલાઈટ ગ્રુપ - ભુજપુર સામે બિદડા અને પ્લેટ ગ્રુપ ડોણ સામે વડાલા વિજયી રહેલ.

**ગામ ગ્રુપ :** ૩૦ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ યોજાઈ જેમાં બાડા સામે બિદડા વિજયી રહેલ.

**જનરલ ગ્રુપ :** ૩૭ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ યોજાઈ જેમાં Y.M.C.C. સામે યુવા શક્તિ ક્રિકેટ ક્લબ વિજયી રહેલ.

**મહિલા વિભાગ :** આ ટૂર્નામેન્ટમાં ૪૫ વર્ષથી નીચે ૨૭ ટીમ અને ૪૫ વર્ષથી ઉપર ૧૪ ટીમ એમ બે વિભાગ મળીને કુલ ૪૧ ટીમો બનાવીને રમાડવામાં આવેલ. ૪૫ વર્ષથી નીચેના ફાઈનલમાં - **SOBO THUNDERSBOLTS** સામે **BOMBAY METRICS WARRIORS** અને

૪૫ વર્ષની ઉપરના ફાઈનલમાં - **MULUND KVO THUSHKERS** સામે **PAN VALLABH CHALLENGER'S** વિજયી રહેલ.

**મિડ-ડે કપ :**

મિડ-ડે કપ ફેબ્રુઆરી માસમાં રમાડવામાં આવેલ હતો.

✤ **આઉટડૉર કૅમ્પ :**

ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા દર વર્ષે એક ફૅમિલી ટૂરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૨૯ જાન્યુઆરી થી ૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમ્યાન 'કોસ્ટલ કર્નાટક'નું આયોજન કરવામાં આવેલ,

જેમાં વિવિધ પરાની કુલ ૩૯ વ્યક્તિઓ આ ટૂરમાં જોડાઈ હતી.

✤ **વ્યક્તિત્વ વિકાસ:**
ક.વી.ઓ. સેવા સમાજે વ્યક્તિત્વ વિકાસ સમિતિ દ્વારા એક નવા પ્રયોગરૂપે 'જીવન આનંદ' એક સેમિનારનું આયોજન તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ વેલબાઈ સભાગૃહ, માટુંગા (સે.રે.) ખાતે યોજેલ, જેમાં માનવ જીવનનો નીચોડ બીજાના જીવનમાં કઈ રીતે પ્રકાશ ફેલાવી શકે, માનવીનાં વિચાર-વાણી સમાજ સમક્ષ રજૂ કરવાનો અને સુખી જીવન જીવવા અને જીવનમાં શાંતિ મેળવવા શું કરી શકાય એ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. આ વિષય પર શ્રી દિનેશ ગાલા (રાયણ)એ પોતાનાં મંતવ્ય રજૂ કરેલ.

✤ **શ્રી ક.વી.ઓ. સેવા સમાજની આગામી ચૂંટણીની પ્રક્રિયા તા. ૧૮ માર્ચ ૨૦૨૪થી શરૂ થયેલ.**

## અનુદાન - આભાર

**તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૨૦ માર્ચ, ૨૦૨૪ સુધી આવેલ અનુદાનની યાદી**

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રી હીરજી મણશી શાહ (સાડાઉ) – શૈક્ષણિક |
| રૂા. | ૨૫,૦૦૦/- | એક શુભેચ્છક તરફથી - શૈક્ષણિક |
| રૂા. | ૨૫,૦૦૦/- | સ્વ. શ્રી જાદવજી મેઘજી વોરાના પુણ્યાર્થે હસ્તે ચંચલબેન જાદવજી વોરા - વૈદ્યકીય સહાયતા |
| રૂા. | ૧૧,૦૦૦/- | એક શુભેચ્છક તરફથી - વૈદ્યકીય સહાયતા |
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી તાડદેવ કચ્છી વીસા ઓશાવાળ જૈન સંઘ |
| રૂા. | ૧૧,૦૦૦/- | એક શુભેચ્છક તરફથી - જનરલ |
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રીમતી અરુણા લહેરચંદ સાવલા (નાના રતાડિયા) હસ્તે વિશાલ સાવલા - વૈદ્યકીય સહાયતા |
| રૂા. | ૫,૦૦૦/- | તા. ૨૬ જાન્યુઆરીના શ્રીમતી ચંદનબેન મોરારજી વિસરિયા (ગઢશીશા)ના જન્મદિન નિમિત્તે - શૈક્ષણિક |
| રૂા. | ૧૦૦૦/- | શ્રી ચિંતન ડી. સૈયા ઍન્ડ કં. - જનરલ |

**મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.**

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ થી તા. ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વાચાદાન : ❂ અવયવદાન : ✹**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શાંતાબેન પ્રાણજીવન રતનશી શેઠિયા | ૭૬ | ભુજપુર | ચેમ્બુર |
| મુલચંદ કુંવરજી જગશી મોતા | ૭૬ | નવાવાસ | જોગેશ્વરી |
| કેશવજી ટોકરશી મેઘજી ગાલા (વાઘાણી) | ૮૦ | સાડાઉ | મુલુંડ |
| મા. ગંગાબાઈ નાગજી માલસી ગંગર | ૯૮ | મોટી ખાખર | વાશી |
| પ્રફુલ્લ ટોકરશી લાલજી ગોસર | ૬૭ | હાલાપુર | ડોંબિવલી ❂ |
| પુષ્પાબેન કાંતિલાલ ઉમરશી વોરા | ૭૧ | ગેલડા | બોરીવલી |
| ઉષા સુભાષ મુરજી ગાલા | ૭૫ | છસરા | સાંતાક્રુઝ |
| જયાબેન હીરજી નરશી વીરા | ૮૫ | દેશલપુર (કંઠી) | કાંદિવલી (ઉ૬) |
| મુક્તિ કેવલ કીર્તિ પોલડિયા | ૩૪ દિ | બિદડા | કાંદિવલી |
| પ્રેમજી તેજશી ખેતશી ગાલા | ૮૯ | બિદડા | સાયન |
| વિજય લખમશી દેઢિયા | ૯૫ | ભુજપુર | બેંગલોર 👁 ❂ |
| અ.સૌ. ચેતના મહેન્દ્ર દામજી પોલડિયા | ૬૧ | બિદડા | મુલુંડ |
| ચુનીલાલ ભવાનજી લખમશી ગાલા | ૬૬ | બાડા | મુલુંડ |
| શાંતિલાલ મગનલાલ રામજી ગાલા | ૭૧ | છસરા | ભાઈંદર |
| મંજુલા નવીન ગાંગજી ગડા | ૬૬ | હાલાપુર | નાલાસોપારા |
| ભવાનજી ઉમરશી ધારશી ગોગરી | ૬૭ | કપાયા | મલાડ 👁 |
| અરવિંદ કલ્યાણજી હીરજી શાહ | ૭૦ | બિદડા | વિલે પાર્લે |
| બલદેવદાસ (રાયણનાં પાનબાઈ જેઠાલાલ ભાણજીના જમાઈ) | ૭૨ | - | વિલે પાર્લે |
| ચુનીલાલ તલકશી જેઠા ધરોડ | ૭૮ | પત્રી | નાલાસોપારા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કલ્યાણજી પુનશી આશારિયા દેઢિયા | ૮૨ | તલવાણા | માહિમ |
| કેશવજી ટોકરશી માડણ છાડવા | ૯૦ | નાની તુંબડી | દેવપુર |
| દેવકાંબેન દેવરાજ કરમશી નાગડા | ૯૧ | ભીંસરા | મુલુંડ |
| અ.સૌ. પલ્લવી દિનેશ મોણશી દેઢિયા | ૫૯ | કાંડાગરા | ચેમ્બુર |
| મા. શાંતાબેન માવજી ભાણજી છેડા | ૯૪ | ભુજપુર | ભુજ ❂ |
| ફૂલચંદ પ્રેમજી દેવજી પોલડિયા | ૮૮ | બિદડા | ભાઈંદર |
| લક્ષ્મીબેન રામજી આણંદજી દેઢિયા | ૮૯ | પત્રી | દેવલાલી |
| ચિ. માહી દીપક ગોવિંદજી ગડા | ૯માસ | સાભરાઈ | ડોંબિવલી |
| કિશોર દામજી રતનશી મોતા | ૬૭ | નવીનાળ | મુલુંડ |
| જયેશ ખીમજી રાયશી ગોસર | ૭૪ | કોટડી (મહા.) | અંબરનાથ |
| મા. કસ્તૂરબેન વલ્લભજી નરશી ગોસર | ૭૬ | સાભરાઈ | વડાલા |
| પ્રેમજી શામજી શિવજી શેઠિયા | ૮૩ | વડાલા | ગોરેગામ |
| જવેરબેન જાદવજી રવજી મામણિયા | ૯૧ | બેરાજા | સાંતાક્રુઝ |
| પ્રવીણ પ્રેમજી મેઘજી દેઢિયા | ૬૭ | પત્રી | મલાડ |
| ધનજી નાનજી ફુરિયા | ૭૫ | તલવાણા | થાણા |
| તલકશી રતનશી કારૂ વીરા | ૮૦ | કારાઘોઘા | ડોંબિવલી ❂ |
| પુરબાઈ શામજી વિશનજી છેડા | ૮૬ | ગોધરા | ગાંધીધામ |
| વશનજી ટોકરશી સાવલા | ૯૨ | બેરાજા | કાંદિવલી |
| કિરીટ જગશી લખમશી ગડા | ૬૪ | કોડાય | ડોંબિવલી |
| લખમશી હીરજી માલશી ભેદા | ૮૦ | સમાઘોઘા | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મહેક માવજી દેશવી સાવલા | ૫૨ | વડાલા | કાંદિવલી |
| સચીન (મંજલ રેલડિયાનાં મા. લક્ષ્મીબેન લક્ષ્મીચંદ હીરજી ગડાના જમાઈ) | ૫૭ | — | ડોંબિવલી |
| સરલાબેન વિશનજી વિરજી શાહ/નિસર | ૮૫ | દેશલપુર | ડોંબિવલી |
| લક્ષ્મીચંદ પાંચારિયા શિવજી મોતા | ૮૬ | બિદડા | મલાડ |
| પ્રેમજી રવજી પદમશી દેઢિયા | ૮૩ | ભોરારા | ડોંબિવલી |
| ધવલ નીતિન નેમચંદ ફુરિયા | ૩૮ | મેરાઉ | સાયન |
| વિનોદ નાજી ભારમલ ગડા | ૭૪ | રાયણ | સાતરસ્તા |
| વાલબાઈ વસનજી માલશી પાસડ | ૮૫ | શેરડી | બાંદ્રા |
| પ્રફુલ્લ મોરારજી લાલજી ગડા | ૭૯ | મોટા લાયજા | વડાલા |
| મગનલાલ ઉમરશી જેઠા ધરોડ | ૮૨ | છસરા | કાંદિવલી |
| મોંઘીબેન નાનજી માલશી ગાલા | ૮૩ | ભોજાય | કાંદિવલી |
| અ.સૌ. કવિતા કૌશલ પ્રાણલાલ સાવલા | ૫૨ | રામાણિયા | મુલુંડ |
| જેવન્તી મગનલાલ ગાંગજી છેડા | ૬૭ | રતાડિયા ગણેશ | મલાડ |
| ચંદ્રકાંત શામજી કુંવરજી શાહ/છેડા | ૭૬ | મોટા આસંબિયા | વડાલા |
| સુરેશ દામજી ડુંગરશી ગડા | ૭૯ | દુર્ગાપુર | ઘાટકોપર |
| મા. પ્રભાબેન ડૉ. દિનેશચંદ્ર ખીમજી દેઢિયા | ૮૩ | બિદડા | બિદડા |
| ભોગીલાલ વીરજી માલશી દેઢિયા | ૮૫ | ભુજપુર | ચર્ની રોડ |
| કસ્તૂરબેન નરશી દના ગડા | ૮૬ | પત્રી | માટુંગા |
| ટેકચંદ હેમરાજ ડુંગરશી ગોસર | ૫૮ | કોટડી (મહા.) | માહિમ |
| શાંતિલાલ પ્રેમજી વેરશી ભેદા | ૮૫ | સમાઘોઘા | વડાલા |
| મા. ચંચળબેન પ્રેમજી ભવાનજી રાંભિયા | ૯૦ | ગુંદાલા | તિલક નગર |
| સ્વરૂપા ખુશાલચંદ શિવજી ગાલા | ૪૩ | મોટી ઉનડોઠ | વિજયવાડા |
| વસંત લખમશી જીવરાજ સોની | ૬૭ | બાંભડાઈ | વસઈ |
| હરખચંદ વેલજી હધુ દેઢિયા | ૭૧ | ભુજપુર | મલાડ |
| સંધ્યાબેન પ્રવીણ પોપટલાલ વોરા | ૭૩ | સમાઘોઘા | નવી મુંબઈ |
| મનસુખલાલ ધારશી સાવલા | ૭૫ | નાની તુંબડી | વડોદરા |
| જયંતીલાલ પુનશી ગોવર સાવલા | ૭૯ | ભીંસરા | કાંદિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શાંતિલાલ માણેક બૌઆ | ૭૫ | નાની તુંબડી | વાપી |
| હીરાલાલ જેઠાભાઈ મણશી ગાલા | ૮૨ | નાના રતાડિયા | સાંગલી |
| હીરજી ઉમરશી કાનજી ભેદા | ૮૫ | બારોઈ | ડોબિંવલી |
| પોપટલાલ દેવશી ચના છેડા | ૮૬ | વડાલા | કાંદિવલી |
| જયાબેન તલકભાઈ દેવજી દેઢિયા | ૭૭ | બેરાજા | સેન્ડહર્સ્ટ રોડ |
| | | | |
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| વિજય શામજી જેસંગ શાહ | ૬૯ | નૂતન ત્રંબૌ | થાણા |
| મા. ધનબાઈ રવજી રામજી સાવલા | ૭૫ | બાડા | દેવલાલી |
| શ્રીમતી વિજયાબેન મુલજી રવજી શાહ/નાગડા | ૮૦ | સણોસરા | મુલુંડ |
| અમૃતબેન ગોવિંદજી ખેરાજ નિસર | ૭૩ | દેવપુર | ઘાટકોપર |
| જેઠાલાલ પ્રેમજી કાનજી સંગોઈ | ૭૮ | કપાયા | દાદર |
| લક્ષ્મીચંદ રામજી રતનશી છેડા | ૭૯ | લાયજા | ઘોડપદેવ |
| દમયંતી ગુલાબચંદ ઉમરશી વોરા | ૭૩ | બેરાજા | ગોરેગામ |
| અ.સૌ. કસ્તૂરબેન નરપત ગાંગજી છેડા | ૮૨ | નાના આસંબિયા | માટુંગા |
| મધુબેન ખીમજી શિવજી દેઢિયા | ૫૮ | નાંગલપુર | બોરીવલી |
| ભારતીબેન શાંતિલાલ મોરારજી રાંભિયા | ૭૨ | રામાણિયા | દાદર |
| મા. લક્ષ્મીબેન પ્રેમજી ડુંગરશી મારુ | ૮૫ | ડેપા | દાદર |
| મહેન્દ્ર દામજી ભુલા દેઢિયા | ૬૮ | બિદડા | દહીંસર |
| રતિલાલ કરશન લાખા ફરિયા | ૭૦ | ભચાઉ | ઘાટકોપર |
| હરખવંતી નાગજી જેસંગ ગાલા | ૮૫ | નાના આસંબિયા | અંધેરી |
| ભુવા શ્રી વલ્લભજી ધરમશી સૂરા દેઢિયા | ૭૭ | ભુજપુર | દાદર |
| પ્રવીણચંદ્ર વેલજી પાસુ છેડા | ૮૦ | કુંદરોડી | બોરીવલી |
| જમનાબેન કરસન દેવરાજ છેડા | ૮૮ | પેથાપર | દહીંસર |
| ખીમઈબેન કાનજી કરસન નંદુ | ૯૦ | લાકડિયા | ઘાટકોપર |
| રજનીકાંત નેમીદાસ મોરારજી લાલન | ૮૫ | કોડાય | વાશી |
| મણિબેન ખુશાલચંદ દામજી દેઢિયા | ૮૬ | નાના રતાડિયા | સાંગલી |
| મા. ગુણવંતીબેન કલ્યાણજી પાસુ ગડા | ૮૭ | મોટા લાયજા | થાણા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| મા. સાકરબેન કાનજી લાલજી વિસરિયા | ૯૨ | દુર્ગાપુર | અંધેરી |
| ચંદ્રકાંત મોરારજી વરજાંગ વોરા | ૭૧ | નવીનાળ | માટુંગા |
| વિજય રાયચંદ નેમીદાસ લાલન | ૫૭ | કોડાય | વાશી |
| મણિબેન રતનશી ઉમરશી ગાલા | ૯૦ | કાંડાગરા | ગોરેગામ |
| મા. કસ્તૂરબેન જાદવજી વજપાર છેડા | ૯૩ | કુંદરોડી | ઘાટકોપર |
| શૈલેશ રતિલાલ ગાંગજી રાંભિયા | ૬૦ | ડેપા | ફોર્ટ |
| શામજી રામજી માલશી ગાલા | ૭૪ | ફરાદી | અમદાવાદ |
| સરોજબેન સુંદરજી પ્રેમજી છેડા | ૬૪ | નાના આસંબિયા | નાલાસોપારા |
| મા. પ્રેમીલાબેન રતનશી ટોકરશી વોરા | ૭૭ | નવીનાળ | બ્રીચ કેન્ડી |
| નીતિન ભવાનજી વીરજી વોરા | ૫૯ | બિદડા | મલાડ |
| પ્રફુલ્લ ડુંગરશી મામણિયા | ૭૧ | ભુજપુર | દહીંસર |
| પ્રભાવતી કાંતિલાલ રણશી શેઢિયા | ૭૨ | કારાઘોઘા | અમદાવાદ |
| હિતેન રતિલાલ મેઘજી વોરા | ૫૭ | નવીનાળ | ભાઈંદર |
| લક્ષ્મીચંદ કરમશી ભાણજી સાવલા | ૬૩ | ગોધરા | દહીંસર |
| શશિકાંત ગાંગજી હીરજી રાંભિયા | ૬૭ | રામાણિયા | નાલાસોપરા |
| લક્ષ્મીચંદ લાલજી દેવજી છેડા | ૮૨ | નાના આસંબિયા | માટુંગા |
| લક્ષ્મીચંદ ભવાનજી મુરજી ભોજાણી /ગડા | ૮૪ | રાયધણજર | માટુંગા |
| સંજય કાંતિલાલ વસનજી કોરાણી | ૪૮ | કપાયા | ડોંબિવલી |
| કસ્તૂરબેન વશનજી ધારશી દેઢિયા | ૮૫ | ગઢશીશા | પરેલ |
| મા. સાકરબેન ગાંગજી મોણશી દેઢિયા | ૮૬ | ભોરારા | પુના |
| મા. ચંચળબેન પ્રેમજી ભવાનજી રાંભિયા (૧૪મો ચોવિયારો ઉપવાસે) | ૯૦ | ગુંદાલા | તિલક નગર |
| આસઈબેન ભવાનજી કાનજી ફુરિયા | ૯૦ | ભચાઉ | ઘાટકોપર |
| જીવરાજ કલ્યાણજી કુંવરજી નાગડા | ૮૩ | નરેડી | મુલુંડ |
| વલ્લભજી કેશવજી ધરમશી દેઢિયા | ૪૮ | ભુજપુર | બોરીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| વિજય ધીરજલાલ ભીમશી શાહ /ગડા | ૫૭ | કોડાય | સાંતાક્રુઝ |
| હરેશ મણિલાલ મેઘજી વીરા | ૬૩ | નાની ખાખર | સાંતાક્રુઝ |
| રતનશી ઉમરશી વેલજી ગાલા | ૮૪ | ભોજાય | ઘાટકોપર |
| શાંતિલાલ લાલજી ચના ગડા | ૭૨ | કાંડાગરા | દાદર |
| વ્રજલાલ રવજી લધા સાવલા | ૮૦ | નાની તુંબડી | કાંદિવલી |
| ભરત રામજી કાનજી ગાલા | ૬૫ | દેવપુર | ઘાટકોપર |
| કલ્યાણજી ગોસર વરસંગ નાગડા | ૭૮ | કોટડી (મહા.) | ડોંબિવલી |
| મા.ચંચલબેન મગનલાલ વેલજી દેઢિયા | ૯૧ | ભુજપુર | બોરીવલી (ઈ) |
| | | | |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પ.પૂ. શ્રી ધૈર્યમુની મ. સા. | ૭૭ | | |
| બા.બ્ર. પૂ. ભાઈચંદ્રજી મ. સા. | | | |

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**


network techlab
Adding Values to Work
સીસીટીવી નો હાથ
કાનૂન થી પણ
મોટો હોય છે
Video Surveillance
Structure Cabling
Services
info@netlabindia.com
+91 88790 04536

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) APRIL 2024 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

